# મહિલા ઉદ્યોગસાહસિકતા પ્લેટફોર્મ
## ગુજરાત પ્રકરણ

MSME COMMISSIONERATE, GOVERNMENT OF GUJARAT
Govt. of Gujarat
WEP - GUJARAT CHAPTER
EDII
ENTREPRENEURSHIP DEVELOPMENT INSTITUTE OF INDIA, AHMEDABAD

# ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ મોડ્યુલ



ઉદ્યોગ અને
ખાણ વિભાગ
ગુજરાત સરકાર

ભારતીય ઉદ્યમિતા
વિકાસ સંસ્થાન
અમદાવાદ



“સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા ઉધોગસાહસિકોને તાલીમ, કૌશલ્ય વિકાસ અને નાણાકીય સહાય દ્વારા આત્મનિર્ભર બનાવવાનો છે.”

- શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય વડાપ્રધાનશ્રી, ભારત



“સરકાર મહિલાઓના ઉન્નતિ, સશક્તિકરણ અને વિકાસ પર કેન્દ્રિત ત્રિ-સ્તરીય વ્યૂહરચના દ્વારા તેમને આગળ વધારી રહી છે.”

- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત



# મહિલા ઉદ્યોગસાહસિકતા પ્લેટફોર્મ - ગુજરાત પ્રકરણ

## ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ મોડ્યુલ

सत्यमेव जयते

Government of Gujarat

**ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર**

અમલીકૃત સંસ્થા:

**EDII**

**ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન, અમદાવાદ**

## Contents


૧. ઉદ્યોગસાહસિકતા એટલે શું ?: 1

(૧) પ્રેરણા : 4

(૨) વાતાવરણને પારખવાની સૂઝ : 5

(૩) પહેલવૃત્તિ : 5

(૪) આત્મવિશ્વાસ: 6

(૫) જોખમ ઉઠાવવાની વૃત્તિ : 7

(૬) પ્રશ્નો અને સમસ્યાનું નિરાકરણ : 8

(૭) સખત મહેનત : 8

(૮) નવીનતા અને દીર્ઘદ્રષ્ટિ : 9

(૯) નિષ્ઠા અને દ્રઢતા : 10

(૧૦) પ્રતિસાદમાંથી શીખ : 10

(૧૧) નિષ્ફળતા અને તણાવની પરિસ્થિતિમાં માનસિક સ્થિરતા : 11

(૧૨) માનવસંબંધો વિકસાવવાની શક્તિ : 11

(૧૩) અન્ય ગુણો : 12

૨. તમારી ઉદ્યોગસાહસિક બનવાની ક્ષમતા ચકાસો’ 13

૩. ઉદ્યોગસાહસિક બનવા માટે જરૂરી કાર્યક્ષમતાઓ 21

૪. મહિલા ઉદ્યોગસાહસિકો માટે સરકારી યોજનાઓ 31

સફળ મહિલા ઉદ્યોગસાહસિક 34

# ૧. ઉદ્યોગસાહસિકતા એટલે શું ?:

આજના યુગમાં 'ઉદ્યોગસાહસિક' અને 'ઉદ્યોગસાહસિકતા' શબ્દો પ્રચલિત થયા છે. એક પરિભાષા અનુસાર ઉદ્યોગસાહસિક એને કહેવાય જે એક ઔદ્યોગિક તક ઓળખે, નિર્ણય લે, નાણાં, માનવશક્તિ અને મશીનરી જેવા સ્ત્રોતોની વ્યવસ્થા કરે, માલના ઉત્પાદન અંગે પોતાનું ઔદ્યોગિક એકમ સ્થાપે તથા બજારમાં પોતાની સેવા કે માલ વેચે. આ આખી પ્રક્રિયાને ઉદ્યોગસાહસિકતા કહેવાય.

એક સામાન્ય સમજ અનુસાર કોઈપણ વ્યક્તિ આર્થિક ઉપાર્જન માટે નાનો/મોટો વ્યવસાય શરૂ કરે અને ફક્ત પોતાના માટે જ નહિ, પણ બીજાઓ માટે પણ રોજગારીની તકો ઊભી કરે, તેને ઉદ્યોગસાહસિક કહેવાય. દેશના સર્વાંગી-આર્થિક, સામાજીક અને ઔદ્યોગિક વિકાસમાં ઉદ્યોગસાહસિકોનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

‘નિરમા' વૉશિંગ પાઉડરના કરસનભાઈ કે વાડીલાલ આઈસ્ક્રીમના રામચંદ્રભાઈ કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના સ્વ. ધીરુભાઈ અંબાણી જેવી મહાન વ્યક્તિઓના દાખલા આપણી નજર સામે છે. એમણે શૂન્યમાંથી ફક્ત પુરુષાર્થ અને દીર્ઘદ્રષ્ટિથી મોટા મોટા ઔદ્યોગિક ગૃહો ઊભાં કર્યાં. આ દીર્ઘદ્રષ્ટાઓમાં કેટલાક ખાસ લાક્ષણિક ગુણો હતા, જેને આધારે તેઓ સફળતાને વર્યા, મહાન વ્યક્તિઓના જીવનનું વિશ્લેષણ કરીએ તો જણાશે કે ઉદ્યોગસાહસિક બનવા કેટલાક ગુણો હોવા જરૂરી છે, જે વિકસાવી પણ શકાય છે :

કોઈ પણ ક્ષેત્રે આગળ વધવા માટે વ્યક્તિમાં આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. તમારી શક્તિ આવડત અને લાયકાત ઉપર ભરોસો રાખો. કોઈ પણ ક્ષેત્રમાં તમે ઝુકાવશો તો સફળતા તમારા કદમ ચૂમશે.

કૌશલ્ય સાથે સખત મહેનતનો સમન્વય સાધશો તો નિર્ધારિત લક્ષ્યાંક પ્રાપ્ત કરવાનું સરળ બનશે.

ઔદ્યોગિક ક્ષેત્રે સાહસ ખેડે તે 'ઉદ્યોગસાહસિક'. ગણતરીપૂર્વકનું જોખમ ઉઠાવવાની તૈયારી વ્યક્તિને સફળ ઉદ્યોગસાહસિક બનાવશે.

ઉદ્યોગસાહસિકમાં 'શૂન્યમાંથી સર્જન' કરવાની આવડત હોવી જોઈએ. પ્રતિકૂળ પ્રતિભાવોમાં નવા પાઠ શીખવાની તૈયારી હોવી જોઈએ.

કંઈક 'હાંસલ' કરવા માટે 'પ્રેરણા' હોવી જરૂરી છે, જે તમને સતત કાર્યરત રાખશે અને નિર્ધારિત લક્ષ્યાંકની સિદ્દ્‌ધિ માટે પ્રેરકબળ સાબિત થશે.

ઉદ્યોગસાહસિક દીર્ઘદૃષ્ટિવાળો હોવો જોઈએ, જેથી ઔદ્યોગિક ક્ષેત્રની નવી તકો, તકનિક, બજાર-ફેરફાર, હરિફ વિશે સતત માહિતગાર રહી શકે. આવનારી કે આવી પડેલી મુશ્કેલીઓનો ઉકેલ શોધવાની કોઠાસૂઝ ધરાવતો હોવો જોઈએ.

હંમેશાં કંઈક નવું કરવાની કે બીજાથી જુદું કરવાની તમન્ના ઉદ્યોગસાહસિકને સમાજમાં સામાન્ય વ્યક્તિ કરતાં અલગ તારવે છે.

આવી કેટલીક મૂળભૂત લાક્ષણિકતાઓને પરિણામે ઉદ્યોગસાહસિકની પ્રગતિની સમાજમાં નોંધ લેવાય છે અને આ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડવા ઈચ્છતી વ્યક્તિઓને પ્રોત્સાહન મળે છે. એ સાચું છે કે ઉદ્યોગસાહસિકનું ધ્યેય કોઈ ધંધાકીય પ્રવૃત્તિમાંથી આર્થિક લાભ મેળવવાનું છે. પણ એ લાભ મેળવવાનો તમામ આધાર ઉદ્યોગસાહસિકની પોતાની કુશળતા, પ્રયત્નો, વિચારસરણી અને વર્તન ઉપર રહેલો છે.

સમાજમાં બીજી એક ખોટી માન્યતા ઘર કરી ગઈ છે કે ઉદ્યોગસાહસિક અમુક જ જાતિના લોકો બની શકે છે. વેપાર કરવા ખૂબ પૈસાની જરૂર પડે એટલે વેપારીનો દીકરો જ વેપાર કરી શકે. આજે સફળ પરીક્ષણો બાદ એ સાબિત થઈ ચૂક્યું છે કે 'ઉદ્યોગસાહસિક જન્મતો નથી, પરંતુ તેને તાલીમ અને માર્ગદર્શન દ્વારા વિકસાવી શકાય છે'. એટલે સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે પેઢીગત ધંધો હોવો જરૂરી નથી.બીજી બાજુ સમાજનો ઉદ્યોગસાહસિક પ્રત્યેનો પ્રતિભાવ મહત્ત્વનો બની જાય છે. કોઈક સમાજ નવી વસ્તુઓ, નવી શોધને પ્રોત્સાહન આપતો હોય છે, જેમાં ઉદ્યોગસાહસિકને વિકસાવવાનું ફલક મળી રહે છે. જ્યારે કોઈ સમાજ આની વિરુદ્દ્‌ધ વર્તતો હોય છે. આવા સમાજમાં ઉદ્યોગસાહસિકનો વિકાસ રૂંધાઈ જાય છે.

ઉદ્યોગસાહિસક અને સમાજ એકબીજાનાં પૂરક છે. વ્યક્તિના ઘડતરમાં સમાજ મહત્ત્વનો ભાગ ભજવે છે, જ્યારે તેના બદલામાં આ રીતે તૈયાર થયેલો ઉદ્યોગસાહસિક તેનું યોગદાન, લાક્ષણિકતાઓ અને કાર્યો દ્વારા મજબૂત, સ્વમાની અને સુદૃઢ સમાજનું ઘડતર કરે છે.

**<u>'ઉદ્યોગસાહસિક' કોને કહેવાય?</u>**

એક સામાન્ય સમજ અનુસાર કોઈ પણ વ્યક્તિ આર્થિક ઉપાર્જન માટે નાનો/ મોટો વ્યવસાય શરૂ કરે અને ફક્ત પોતાના માટે જ નહિ, પરંતુ બીજાઓ માટે પણ રોજગારીની તકો ઊભી કરે, તેને 'ઉદ્યોગસાહસિક' કહેવાય.

**ઉદ્યોગસાહસિક અને સંચાલક (Manager) વચ્ચેનો તફાવત :**

ઉદ્યોગસાહસિક હંમેશા નવું-નવું વિચારતો હોય છે અને ઉપલબ્ધ તમામ સ્રોત (નાણાં, તકનીક, માલસામગ્રી અને માનવશક્તિ)નો યોગ્ય ઉપયોગ કરી, પોતાનું આગવું ઔદ્યોગિક એકમ સ્થાપવા પ્રયત્નશીલ હોય છે. તે પોતાનું ઔદ્યોગિક એકમ શરૂ કરવા, તેનાં પોતાનાં નાણાંનો ઉપયોગ કરે કે, મિત્રો/સગાં પાસેથી ઉછીના પૈસા લે છે કે બેંક પાસેથી લોન લે છે. આમ, ઉદ્યોગસાહસિક પોતાનું ઔદ્યોગિક એકમ સ્થાપવા તમામ પ્રકારનાં જોખમ ઉઠાવે છે.

આ ઔદ્યોગિક એકમમાં ઉત્પાદન થઈ જાય પછી, આ ઉત્પાદન સતત જળવાઈ રહે, ગુણવત્તાનું નિયંત્રણ થાય, એકમ સતત નફો કરતું રહે અને પ્રગતિ સાધે, આ તમામ બાબતો ઉપર દેખરેખ રાખવાની કામગીરી વહીવટકર્તા કે સંચાલક-'મેનેજર' કરે છે. આ મૅનેજર તેની પાસેના ઉપલબ્ધ સ્રોતનો યોગ્ય ઉપયોગ કરે છે અને સંચાલન કરે છે. મેનેજર ઉદ્યોગસાહસિકની જેમ કોઈ પણ પ્રકારનું જોખમ (નાણાંનું કે અન્ય) ઉઠાવતો નથી. વહીવટકર્તાઓને તેની લાયકાત/અનુભવ અનુસાર પગાર અને હોદ્દો વળતરરૂપે મળે છે. આ સ્પષ્ટતા પરથી એટલું કહી શકાય કે ઉદ્યોગસાહસિક એની 'સાહસિકતા'ને લીધે, વહીવટકર્તાથી જુદો તરી આવે છે.

| ક્રમ | ઉદ્યોગસાહસિક | સંચાલક (Manager) |
|---|---|---|
| ૧ | પોતે જ પોતાનો માલિક | નિયમિત પગાર મેળવતો કર્મચારી |
| ૨ | નિર્ણયો પોતે જ લે | માલિક દ્વારા લેવાતા નિર્ણયનું પાલન કરે |
| ૩ | અન્ય માટે રોજગારીની તકો ઊભી કરે | પોતે જ નોકરી કરતો હોય છે |
| ૪ | મહેનત અનુસાર વળતર મેળવે કે નુકસાન ભોગવે | બાંધ્યો પગાર કે નિયમિત વળતર મેળવે |

ઉદ્યોગસાહસિક ફક્ત આર્થિક રીતે જ પગભર થતો નથી, પરંતુ અન્યોને પણ રોજી મેળવવામાં મદદરૂપ થાય છે.

એક સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે જરૂરી લાક્ષણિકતાઓ કે ગુણો હોવા જરૂરી છે. જેવા કે.....

(૧) પ્રેરણા
(૨) વાતાવરણને પારખવાની સૂઝ
(૩) પહેલવૃત્તિ
(૪) આત્મવિશ્વાસ
(૫) જોખમ ઉઠાવવાની વૃત્તિ
(૬) પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કુશળતા
(૭) સખત મહેનત
(૮) નવું કશુંક કરવાની ઈચ્છા અને દૃષ્ટિ
(૯) જવાબદારી અને મક્કમતા
(૧૦) પ્રતિસાદમાંથી શીખ
(૧૧) નિષ્ફળતામાં ધૈર્ય (ધીરજ)
(૧૨) માનવસંબંધો વિકસાવવાની શક્તિ
(૧૩) અન્ય ગુણો

આપણે આ લાક્ષણિકતાઓને સહેજ વિસ્તારથી જોઈએ.

**(૧) પ્રેરણા :**

વ્યક્તિની વર્તણૂક કોઈ ઉદ્દેશ્ય પૂરો કરવાની દિશામાં દોરવાયેલી રહે છે. જ્યારે વ્યક્તિની ઈચ્છા તેને પ્રવૃત્તિ કરવા માટે ઉત્તેજિત કરે, ત્યારે પ્રેરણા થઈ, આ એમ આપણે કહીએ છીએ. જો તમારામાં ઉદ્યોગસાહસિક બનવાની ઈચ્છા હશે તો તમે તમારો ઉદ્યોગ

સ્થાપવા કે શરૂ કરવા પ્રેરાશો. તમે તમારી વ્યક્તિગત કુશળતા અને જવાબદારીને સાંકળીને એવાં કાર્યો કરશો કે જેથી તમારું ઈચ્છિત લક્ષ્ય સિદ્ધ થાય.

શ્રીદેવી એક સરકારી નોકરી કરતી સ્ત્રી છે. તેની આવક સ્થાયી છે પણ તેને મનથી સ્થાયી- નિશ્ચિત આવક મંજૂર ન હતી. તે જીવનમાં 'કંઈક' ‘ખાસ’ કરવા માંગતી હતી. તેના મનમાં ઊભી થયેલ ઈચ્છાએ તેનામાં મહિલા ઉદ્યોગસાહસિક બનવાની પ્રેરણા જન્માવી. તેણે તાલીમ લીધી. નોકરી છોડી પોતાની બચત અને પ્રોવિડન્ડ ફંડનો ઉપયોગ કરી કોરુગેટેડ હાર્ડબોર્ડ બૉક્સ બનાવવાનું એકમ શરૂ કર્યું જે તેનામાં કશુંક બનવાની ધગશ અને પ્રેરણા દર્શાવે છે. આજે તે એક સફળ ઉદ્યોગસાહસિક છે. તેની સાથે તેના પતિ પણ મદદરૂપ થવા આ એકમમાં જોડાયા છે.

**(૨) વાતાવરણને પારખવાની સૂઝ :**

ઉદ્યોગસાહસિકમાં અગમચેતી કે દુરંદેશીપણું હોવું જરૂરી છે .ઉદ્યોગસાહસિકે આજુબાજુના વાતાવરણમાં સતત નજર દોડાવતા રહેવું પડે .તેમાંથી તકને ઓળખતાં આવડવી જોઈએ .તેણે સતત જાગૃત રહી, આજુબાજુના વાતાવરણનો અભ્યાસ કરતાં રહેવું પડે અને તેમાંથી જ ઔદ્યોગિક તકને ઝડપવી જોઈએ .કેવા પ્રકારના ઉદ્યોગો વિકસ્યા છે, કયા ઉદ્યોગોમાં વિકાસની તકો છે, સરકારી નીતિ કયા ઉદ્યોગોને પ્રોત્સાહન આપનારી છે, તેનું સતત જાગૃત રહી વિશ્લેષણ અને યોગ્ય સર્વેક્ષણ કરતા રહી, તકને ઔદ્યોગિક એકમમાં ફેરવવાની આવડત હોવી જોઈએ.

**(૩) પહેલવૃત્તિ :**

અસરકારક કે સફળ ઉદ્યોગસાહસિક હંમેશા 'નવું' કશુંક કરવાની દિશામાં કે અન્યથી જુદું કરવા સતત તૈયાર રહે છે. કોઈ વસ્તુ કે સેવાના ખ્યાલને સાકાર કરવા કે ઔદ્યોગિક એકમની સ્થાપના કરવા પહેલ કરે છે. તે તકનો લાભ ઉઠાવવા તત્પર હોય છે. સફળ ઉદ્યોગસાહસિક બનવા પહેલવૃત્તિનો ગુણ ખૂબ જ જરૂરી છે. આવી વ્યક્તિઓ પ્રશ્નોનું

નિરાકરણ લાવવા સતત તૈયાર રહે છે અને આ ગુણ તેને નિર્ધારીત લક્ષ્યાંકે સહેલાઈથી પહોંચવામાં સહાયરૂપ બને છે.

અનિલે એન્જિનિયરિંગની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. સારી ટકાવારીને લીધે અને તેની હોંશિયારીને કારણે તેને નોકરી કરવાની અનેક તકો મળી પણ તેને પોતાનું આગવું એકમ શરૂ કરવાની ઈચ્છા હતી આ અંગે કુટુંબનો તથા સગાંઓનો વિરોધ હતો છતાં નોકરીની તક ન ઝડપતાં પોતાની પહેલવૃત્તિથી ઑટોમોબાઈલ ક્ષેત્રે નાના નાના ભાગોનું ઉત્પાદન કરવાનું એકમ શરૂ કર્યું અને આજે એ એક સફળ ઉદ્યમી થઈ પૈસાપાત્ર બન્યો છે.

## (૪) આત્મવિશ્વાસ:

જ્યારે ઉદ્યોગસાહસિક પોતાનું ઔદ્યોગિક એકમ શરૂ કરે છે ત્યારે તેને તેની ક્ષમતાઓમાં, તેની શક્તિઓમાં વિશ્વાસ હોવો જોઈએ. પોતાની જાત અને પોતાની ક્ષમતા ઉપરનો વિશ્વાસ એટલે જ આત્મવિશ્વાસ. તમે આ કાર્ય ‘જરૂર કરી શકશો,' એવી દૃઢતા ઉદ્યોગસાહસિકના મનમાં હોવી જોઈએ. જો તેનામાં પૂરતો આત્મવિશ્વાસ નહિ હોય તો અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. અવનવી સમસ્યાઓ આવશે અને આત્મવિશ્વાસના અભાવે તેનો સામનો કરી શકશે નહિ. પરિણામે તે નિરુત્સાહી કે હતાશ બની જશે. જયારે વ્યક્તિ 'હું નિષ્ફળ જઈશ' એવા વિચાર સાથે કાર્યની શરૂઆત કરે ત્યારે અવશ્ય તે નિષ્ફળતાને વરે છે. તમારી શક્તિઓને અવગણવી એ આત્મવિશ્વાસનો અભાવ સૂચવી જાય છે.

સેલ્સમેન કેયૂર નોકરીના પ્રથમ દિવસે બજારમાં જાય છે. તે મનમાં નક્કી કરીને જાય છે કે હું મારા ઉત્પાદન વિશે ગ્રાહક સમક્ષ સારામાં સારી રજૂઆત કરીશ-સમજાવીશ અને ઑર્ડર લઈશ જ. આ થયો તેનો અડગ આત્મવિશ્વાસ.

રજત નામનો યુવાન કે જેણે કમ્પ્યૂટર એપ્લિકેશનનો ડિપ્લોમા કોર્સ કર્યો છે તેણે નક્કી કર્યું કે મારે નોકરી કરવી નથી પણ સ્વતંત્ર ઔદ્યોગિક એકમ સ્થાપવું છે. તેને મનમાં પાકો વિશ્વાસ હતો કે મારા કાર્યમાં હું સફળ થઈશ જ. શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓ આવી પણ પોતાના વિશ્વાસને ડગવા દીધો નહિ. અંતે તે સફળતાને વર્યો. આ છે તેનો આત્મવિશ્વાસ.

## (૫) જોખમ ઉઠાવવાની વૃત્તિ :

ઉદ્યોગસાહસિકતા અને જોખમ સિક્કાની બે સમાન બાજુઓ છે. જ્યારે વ્યક્તિ ઉદ્યોગસાહસિક બનવાનો નિર્ણય કરે છે ત્યારે તેણે જોખમ ઉઠાવવાની તૈયારી કરવી પડે છે. જોખમ ખેડયા વગર સફળતા મળતી નથી. સફળતા સાહસિકને જ મળે છે અને સાહસિક તેને જ કહી શકાય કે જોખમ ખેડવા તૈયાર હોય. પણ આ જોખમ ગણતરીપૂર્વકનું હોવું જોઈએ. જોખમોનો સામનો કરવાની આવડત તેનામાં હોવી જોઈએ. ગણતરીપૂર્વકનું જોખમ એટલે કે તમે તમારી શક્તિઓ કે નબળાઈઓ અને ભાવિ પડકારો તથા ઉપલબ્ધ તકોને લક્ષમાં લઈને આગળ વધો છો. એક ઉદ્યોગસાહસિક તરીકે તમારે જુદા જુદા પ્રકારનાં જોખમોનો સામનો કરવો પડે છે:

(i) **નાણાકીય જોખમ** : તમે તમારા નાણાંનું રોકાણ કરો છો કે લોન લઈ, દેવું કરીને એકમ શરૂ કરો છો એટલે કે ઉદ્યોગસાહસિક અહીં નાણાં રોકીને, રોકેલાં નાણાંનું પૂરતું જોખમ ઉઠાવે છે.

(ii) **સામાજિક જોખમ** : તમારી સામાજિક પ્રતિષ્ઠા હોડમાં મૂકો છો અને તમારું કૌટુંબિક જીવન જોખમાય છે.

(iii) **તકનિકી જોખમ** : તમે ઉત્પાદન માટે જે તકનિક અપનાવો. તે સફળ પણ જાય અને નિષ્ફળ પણ. અહીં તમે ઉત્પાદન માટે જે મશીનરી ખરીદો કે તકનિક અપનાવો, તેનો ગ્રાહકો દ્વારા સ્વીકાર ન પણ થાય. તેને લીધે કદાચ

ઉત્પાદનકિંમત વધે તો ગ્રાહકો ઉત્પાદન ખરીદવા તૈયાર ન થાય. તકનિક આયાત કરવામાં આવી હોય તો સ્થાપિત થયા બાદ ધાર્યું પરિણામ ન આપે કે સતત વિકસતા જતા યુગમાં તમારા દ્વારા અપનાવેલી મશીનરી કે તકનિક જૂની થઈ જવાનો પણ સંભવ રહે. આમ, તમારે તકનિક જોખમને પણ ગણતરીમાં લેવું પડે.

(iv) **<u>માનસિક જોખમ</u>**: તમારી માનસિક સમતુલા પણ દિન-પ્રતિદિન તણાવ અને સમસ્યાઓથી ઘેરાયેલી રહે છે.

## (૬) પ્રશ્નો અને સમસ્યાનું નિરાકરણ :

એક ઉદ્યોગસાહસિક તરીકે તમારામાં પ્રશ્ન/સમસ્યાનું નિરાકરણ લાવવાની વૃત્તિ હોવી જરૂરી છે. દરેક વ્યક્તિના જીવનમાં પ્રશ્નો તો ઉદ્ભવતા જ હોય છે, પણ આ સમસ્યાઓ ઉદ્યોગસાહસિકને ઘેરી વળે અને તેને નાસીપાસ ન બનાવી દે, તે જોવાનું રહ્યું. સમસ્યાઓ ઉકેલવાની અણઆવડત તેના આત્મવિશ્વાસને ડગાવી દે છે. એક ઉદ્યોગસાહસિક તરીકે સમસ્યાઓને સમજવાની, તેના ઉકેલના વિવિધ વૈકલ્પિક માર્ગો શોધવાની આવડત, શ્રેષ્ઠ માર્ગની પસંદગી કરી સમસ્યાનું સમાધાન કરવાની આવડત તથા જરૂર પડે અન્ય નિષ્ણાત લોકોની મદદ લઈ સમસ્યા ઉકેલવાની તૈયારી હોવી જરૂરી છે. પ્રશ્નો અને સમસ્યાનું નિરાકરણ લાવવા ઉદ્યોગસાહસિકમાં કુશાગ્ર બુદ્ધિ, નિપુણતા, વિવેકબુદ્ધિ, ચાતુર્ય જેવા ગુણો હોવા જરૂરી છે.

## (૭) સખત મહેનત :

એક સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે સખત મહેનત કરવાની તૈયારી હોવી જોઈએ. 'સિદ્ધિ તેને જ વરે, જે પરસેવે ન્હાય'. સખત મહેનત કરવાની ક્ષમતા જ સફળતા અપાવે છે. જ્યારે તમે એક નાના ઉદ્યોગસાહસિક તરીકે તમારું આગવું ઔદ્યોગિક એકમ સ્થાપો છો ત્યારે બધાં જ ક્ષેત્રોમાં તમે નિષ્ણાતોની સેવા લઈ શકો નહિ. તે આર્થિક રીતે

પોષાય પણ નહિ. ત્યારે માલિક તરીકે, સંચાલક તરીકે, ઉત્પાદન પ્રબંધક તરીકે, નાણાકીય વ્યવસ્થાપક તરીકે કે હિસાબનીશ તરીકેનાં બધાં જ કામ તમારે કરવાં પડતાં હોય છે અને આ માટેની પૂરતી તૈયારી તમારામાં હોવી જરૂરી છે.

ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમમાં તાલીમ લીધા પછી સ્મિતાએ એક સફળ ઉદ્યોગસાહસિક તરીકે પૈસાદાર થવાના અને એક સરળ જીવન જીવવાનાં સ્વપ્નાં જોયાં. સ્મિતાને એક ખબર ન હતી કે તેણીનું પોતાનું ઔદ્યોગિક એકમ સ્થાપીને તેનું સફળ સંચાલન કરવું, ઉત્પાદન, બજાર અને કામદારલક્ષી પ્રશ્નોના હલ શોધવા-જેવાં કાર્યો પણ પોતાને શીરે આવશે. સફળતા મેળવવા કપરી મહેનત ઉપરાંત આર્થિક, કૌટુંબિક અને સામાજિક ક્ષેત્રે પણ તેટલું જ ધ્યાન આપવું પડશે તે બાબતને તેણીએ ગંભીરતાપૂર્વક લીધી ન હતી. અંતે બે વર્ષ બાદ તેણીને તેનું એકમ બંધ કરવાની ફરજ પડી.

## (૮) નવીનતા અને દીર્ઘદ્રષ્ટિ :

વ્યક્તિમાં અને ખાસ કરીને ઉદ્યોગસાહસિકમાં કશુંક નવું નવું કરવાની ધગશ હોવી જરૂરી છે. નવું કરવાની વૃત્તિ જ વ્યક્તિને સફળ ઉદ્યોગસાહસિક બનાવી શકે છે. ઉદ્યોગસાહસિક નવી શોધને વ્યાપારી ધોરણે ઉત્પાદિત કરી બજારમાં મૂકવાની આવડત ધરાવતો હોવો જોઈએ. આ આવડત એ નવીનીકરણ છે. દા. ત., વરાળ એ શક્તિનો ભાગ છે તેવી શોધ સોળમી સદીમાં થઈ પણ આ વરાળશક્તિનો ઉપયોગ રેલગાડીના એન્જિનમાં ૧૭૯૨માં થયો. સાદી ભાષામાં 'શોધ'નો વ્યવહારુ જીવનમાં ઉપયોગ એ નવીનીકરણ છે અને ઉદ્યોગસાહસિક આવું નવીનીકરણ ઉત્પાદનમાં, ઉત્પાદનની પ્રક્રિયામાં, બજાર-વ્યવસ્થામાં, કાચા માલના સ્રોતમાં કે પેકિંગમાં લાવી શકે છે.

કેટલાંક વર્ષો પહેલાં શેમ્પૂ મોટી બોટલમાં અને ટૂથપેસ્ટ મોટા પૅકિંગમાં મળતાં હતાં. આ બંને ઉત્પાદનથી લોકો માહિતગાર હતા. પણ પૅકિંગ મોટું હોવાના કારણે મુસાફરીમાં સાથે લઈ જવાની મુશ્કેલી પડતી હતી તેમજ મોટા કદના પૅકિંગમાં ખરીદી શકતા ન હતા. પણ કોઈ ઉદ્યોગસાહસિકે તેને નાના પાઉચમાં બજારમાં ઉપલબ્ધ કરાવ્યું. પરિણામે લોકોને ખરીદવું સરળ બન્યું. આમ, એક નવો વિચાર હતો, જે લોકોમાં ઝડપથી પ્રચલિત થયો.

**(૯) નિષ્ઠા અને દૃઢતા :**

ઉદ્યોગસાહસિક તરીકેની કામ પ્રત્યેની નિષ્ઠા વ્યક્તિને સફળતા તરફ દોરી જાય છે. વ્યક્તિમાં રહેલી નિષ્ઠા સમસ્યાઓને અને મુશ્કેલીઓને હળવી બનાવે છે. ઉદ્યોગના સંચાલન માટે વિવિધ કાર્યો પૂર્ણ કરવાની સૂઝ, ગંભીરતા, દૃઢતાપૂર્વક વિશ્વાસથી નિર્ણય લેવાની કળા વ્યક્તિને સફળ બનાવે છે. એક સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે આંખો ખુલ્લી રાખીને કામ કરવાનું છે અને પોતાની જવાબદારી-પોતાની ફરજ અદા કરવાની નિષ્ઠા હોવી જરૂરી છે. કાર્યની પાછળ 'લાગ્યા રહેવું' એ સફળતાનો પર્યાય બની જાય છે.

**(૧૦) પ્રતિસાદમાંથી શીખ :**

અસરકારક ઉદ્યોગસાહસિકો સફળ વિદ્યાર્થીઓ હોય છે અને આ સફળ વિદ્યાર્થીઓ જીવનમાં સતત શીખતા રહેતા હોય છે. તેઓ જે પ્રવૃત્તિઓ કરે છે તેના વિશે તેમને જાણવાની ઉત્કટ ઈચ્છા હોય છે. પોતે કેવું કામ કરે છે, કેવી પ્રગતિ કરે છે, લોકો તેમના વિશે શું વિચારે છે, વગેરે. આ માટે તેઓ સતત પ્રતિસાદ મેળવતા રહે છે. આ પ્રતિસાદના માધ્યમથી જ તેમને ખબર પડે છે કે તેમની ક્યાં ક્યાં ભૂલો થાય છે અને તેમાંથી જ તેઓ શીખતા રહે છે. આ માટે તેણે સતત તેના ગ્રાહકો, તેના લેણદારો, સહાયક સ્રોતો અને તેના એકમ સાથેની સંલગ્ન વ્યક્તિઓના સંપર્કમાં રહેવું જરૂરી છે.

**(૧૧) નિષ્ફળતા અને તણાવની પરિસ્થિતિમાં માનસિક સ્થિરતા** :
ઉદ્યોગસાહસિકો તેમની નિષ્ફળતામાંથી પાઠ શીખે છે. સફળ ઉદ્યોગસાહસિક કરેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય તે માટે મળેલ નિષ્ફળતાને હકારાત્મક રીતે લઈ, મગજ ઉપર નિયંત્રણ ગુમાવ્યા વગર ધીરજપૂર્વક નિર્ણય લે છે. તેણે પોતાની બુદ્ધિશક્તિ, સર્જનાત્મકશક્તિ, સમસ્યાને ઉકેલવાની આવડત અને વિશ્લેષણશક્તિનો ઉપયોગ કરી પરિસ્થિતિને સમજવા પ્રયત્ન કરવો પડે છે અને ઉકેલ મેળવવો પડે છે. ઉદ્યોગસાહસિક તરીકે તમારે મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો જ પડશે. આવી મૂંઝવણભરેલી સ્થિતિમાં મુશ્કેલીઓનો યોગ્ય ઉકેલ શોધો અને યોગ્ય તકની શોધમાં રહો.

સામાન્ય રીતે ઉદ્યોગસાહસિક માટે મુખ્યત્વે ચાર સ્થિતિઓમાં 'તણાવ'ની પરિસ્થિતિ ઉદ્ભવે છે : (૧) એકલતા (૨) ઉદ્યોગ-ધંધો જયારે ડૂબવાની સ્થિતિમાં હોય (૩) લોકો/કર્મચારી તકનિક/મશીનરીના પ્રશ્નો અને (૪) કશુંક હાંસલ કરવાની પ્રબળ ઈચ્છા થાય ત્યારે.

**(૧૨) માનવસંબંધો વિકસાવવાની શક્તિ :**
ઉદ્યોગસાહસિક તરીકે સમાજની ઘણી વ્યક્તિઓ સાથે કામ લેવાનું છે. તેણે સરકારી અધિકારીઓ, પોતાના એકમના કર્મચારીઓ, તથા પોતાના બજારક્ષેત્રમાં આવતી વ્યક્તિઓ–એકમો સાથે કામગીરી કરવાની છે ત્યારે સારા માનવસંબંધો વિકસાવવાની શક્તિ ઉદ્યોગસાહસિકમાં હોવી જોઈએ. તેનામાં લાગણીયુક્ત સ્થિરતા, અસરકારક રજૂઆત, મળતાવડો સ્વભાવ, કાર્યકુશળતા જેવા ગુણો જરૂરી છે.

**(૧૩) અન્ય ગુણો :**

આ ઉપરાંત ઉદ્યોગસાહસિકમાં નીચેના ગુણો પણ હોવા જરૂરી છે :

(૧) ઉત્સાહ (Energy)

(૨) વ્યવહારુ વલણ (Pragmatism)

(૩) હિંમત (Courage)

(૪) પ્રામાણિકતા (Honesty)

(૫) જવાબદારી (Responsibility)

(૬) આશાવાદી (Optimism)

(૭) સહકારની ભાવના (Ability to Co-operate)

(૮) સંચાલકીય ક્ષમતા (Managerial Capabilities)

(૯) નેતૃત્વ (Leadership)

## ૨. તમારી ઉદ્યોગસાહસિક બનવાની ક્ષમતા ચકાસો'

મિત્રો, જ્યારે તમારા મનમાં ઉદ્યોગસાહસિક બનવાના વિચારો આવે અથવા તો ભવિષ્યમાં કોઈ ઉદ્યોગ-ધંધો સ્થાપવાનો વિચાર આવે ત્યારે તે તરફની તમારામાં કેટલીક ક્ષમતાઓ હોવી જરૂરી છે. કારણ કે તમારી ક્ષમતાઓ જ તમને સફળતા અપાવતી હોય છે. આથી ક્ષમતા ચકાસવાની કસોટી નીચે આપવામાં આવી છે.

અહીં તમને જુદાં જુદાં વાક્યો આપવામાં આવ્યાં છે. આ વાક્યો સાથે જો તમે સહમત થતા હોવ તો તેની સામે A લખો અને તમે અસહમત થતા હોવ તો તેની સામે D લખો. યાદ રાખો કે આ વાક્યોના જવાબો ખૂબ જ પ્રામાણિકતાથી આપવાના છે કે જેથી તમે તમારી જાતને સારી રીતે સમજી શકો. આ કસોટી તમારે ૩૦ મિનિટમાં પૂર્ણ કરવાની છે.

1. જો મને સારો પગાર મળતો હશે અને કામ પડકાર વિનાનું સરળ હશે, તો મને તે કામ કરવામાં કોઈ વાંધો નથી.
2. જ્યારે મારે મારું ધ્યેય નક્કી કરવાનું હશે ત્યારે હું સહેલા કરતાં મુશ્કેલ ધ્યેય નક્કી કરીશ.
3. કેટલીક બાબતો અગત્યની હોય પણ અગવડવાળી હોય તો તે મને કરવી ગમતી નથી.
4. ક્ષમતા હોવા છતાં સફળતા મેળવવામાં જે લોકો નિષ્ફળ જાય છે, તેઓ તક આવે ત્યારે પકડી લે છે.
5. હું ભાગ્યે જ દિવાસ્વપ્ન જોઉં છું.
6. સામાન્ય રીતે મારાં મંતવ્યો સાથે કોઈ સંમત ન હોય ત્યારે મારાં મંતવ્યોનું હું રક્ષણ કરું છું.
7. તમે કોઈ બાબતમાં કુદરતી રીતે સારા છો અથવા નથી. તેમાં પ્રયત્નો કરવાથી કોઈ ફેર પડતો નથી.
8. ઘણી વાર લોકો મારા વિચારોને અસામાન્ય ગણે છે.

9. મને એવા પડકારો ગમે છે જે મારી ક્ષમતાને વધારે.
10. મને પસંદ પડે તેવી વ્યાજબી આવકવાળી નોકરી ગમશે, પણ જો બરાબર ન નિભાવું તો કદાચ ગુમાવું, તેવો ડર છે.
11. મારાં કામો મારી રીતે કરવાં ગમશે. પછી ભલેને બીજા લોકો કંઈ પણ વિચારે તેની મને ચિંતા નથી.
12. મોટા ભાગના માણસોનો ખરાબ સમય તેમના ખરાબ ભાગ્યને લીધે છે.
13. જો મને કામ દરમિયાન કોઈ સમસ્યા નડશે તો હું છોડી દઈશ અથવા તો નવું કામ શરૂ કરી દઈશ.
14. હું કંઈક કરવાની યોજના બનાવીશ પણ તે કરું નહિ તેની જગ્યાએ બીજી તરફ વળી જઈશ.
15. મને મારા જીવનમાં તત્કાળ પરિવર્તન ગમતું નથી.
16. જો સફળતાની શક્યતા પચાસ-પચાસ ટકા હોય તો જ સાહસ કરીશ.
17. ભવિષ્ય કરતાં હું ભૂતકાળ અને વર્તમાન વિશે વિચારીશ.
18. જો મારી પાસે પૈસા બનાવવાનો સારો વિચાર હશે તો ઉછીના પૈસા લઈને તે કરવા પ્રયત્ન કરીશ.
19. હું જ્યારે સમૂહમાં હોઈશ ત્યારે બીજું કોઈ આગેવાની કરશે તો મને વાંધો નથી.
20. લોકો જે ઈચ્છે છે તે મેળવે છે.
21. મને અટકળો કરવી ગમતી નથી.
22. લોકોને ખુશ કરવા તેના કરતાં કામ સારી રીતે કરવું તે વધારે અગત્યનું છે.
23. જો હું લોકોને મારી જાત પર નિયંત્રણ રાખી ખુશ કરી શકીશ તો મારે જીવનમાં જે જોઈએ છે તે મેળવી શકીશ.
24. બીજા લોકો એવું વિચારે છે કે હું વધારે પ્રશ્નો પૂછું છું.
25. જો નિષ્ફળ થવાની શક્યતા હશે તો તે કામ હું નહિ કરું.
26. સમયસર કાર્ય નહિ કરનારા પર હું ગુસ્સે થઈશ.

27. નિર્ણય લેતાં પહેલાં બધી જ હકીકતો એકઠી કરવી ગમશે પછી ભલેને તેના માટે ગમે તેટલો સમય જાય.
28. કામ કરતી વખતે ભાગ્યે જ મારે મદદ લેવી કે માંગવી પડશે.
29. એક જ બાબતમાં સારા રહેવા કરતાં ઘણી બધી બાબતમાં સારા કે શ્રેષ્ઠ થવું ગમે.
30. મને ગમતી વ્યક્તિ જોડે કામ કરવું ગમે. પણ વ્યક્તિ ગમતી ન હોય, પણ જો કામમાં સારી હશે તો તેની જોડે કામ કરવું વધુ ગમે.
31. સફળ બનવું એ સખત પરિશ્રમનું ફળ છે. નસીબ જોડે તેને સહેજ પણ લેવાદેવા નથી.
32. નવા રસ્તાઓ સ્વીકારવા તેના કરતાં હું ચીલાચાલુ સામાન્ય રસ્તાઓ જ પસંદ કરું છું.
33. અગત્યનો નિર્ણય કરતાં પહેલાં હું તેના લાભ અને મળતા પરિણામને મૂલવવાનું પસંદ કરું છું.
34. હું કામની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવા કરતાં એક ટીમના સભ્ય તરીકે કામ કરવાનું પસંદ કરીશ.
35. મારે મારું જીવન વ્યવસ્થિત રાખવું છે, જેથી જિંદગી સરળતાથી અને યોજનાબદ્ધ રીતે વિતાવી શકાય.
36. જ્યારે મારે પડકારોનો સામનો કરવાનો હોય છે ત્યારે હું નિષ્ફળતાઓની અસરો કરતાં સફળતાના પરિણામો વિશે વધારે વિચારું છું.
37. હું માનું છું કે મારા જોડે જીવનમાં જે બને છે તે બીજા ઘણા લોકોની સાથે પણ બનતું હશે.
38. હું એક જ સમયે ઘણી બધી બાબતો સંભાળી શકું છું.
39. બીજા લોકોને મારી તરફેણ કરવાનું કહેવું મને વધારે મુશ્કેલ લાગે છે.
40. સારું કામ પાર પાડવા હું વહેલો ઊઠી જાઉં છું, મોડે સુધી રોકાઉં છું અને ખાવાનું ચૂકી જાઉં છું.

41. જેનાથી આપણે ટેવાઈ ગયેલા છીએ તે અજાણ્યા કરતાં સારું છે.
42. મોટા ભાગના લોકો વિચારે છે કે હું ઈરાદાનો પાકો છું.
43. લોકોની નિષ્ફળતા ભાગ્યે જ તેમના નબળા નિર્ણયનું કારણ હોય.
44. રજાના દિવસે આરામ કરવો મને ગમે છે.
45. મારે જીવન જોડે જે જોઈએ છે તે મેળવું છું, કારણ કે હું તેને મળવા સખત મહેનત કરું છું.
46. રોજિંદા કાર્ય કરવા કરતાં નવીનતાવાળાં કાર્યો કરવા વધારે અઘરાં છે.
47. મને નવી યોજનાઓ કરવી ગમશે. તે કદાચ સાહસિક હોઈ શકે.

હવે આપણે ઉદ્યોગસાહસિક વિશે સમાજમાં પ્રવર્તતા કેટલાક ભ્રામક ખ્યાલ વિશે ચર્ચા કરીએ.

ખ્યાલ-૧: ઉદ્યોગસાહસિકો જન્મે છે, બનાવી શકાતા નથી.

**હકીકત:** એ વાત સાચી છે કે ઉદ્યોગસાહસિકમાં કેટલાક જન્મજાત ગુણો હોય છે. જેમ કે, જોખમ ઉઠાવવાની વૃત્તિ, વાતાવરણને પરખવાની સૂઝ, મહેનતુ સ્વભાવ વગેરે. પરંતુ વ્યક્તિ આ ગુણોનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ કરે, એ જરૂરી છે. આ સિવાય પણ સંબંધિત અન્ય જરૂરી એવી લાક્ષણિકતાઓ જેવી કે, પહેલવૃત્તિ, આત્મવિશ્વાસ, પ્રશ્નો/સમસ્યાઓનું સમયસર અને યોગ્ય નિરાકરણ વગેરેને તાલીમ, માર્ગદર્શન અને અનુભવથી કેળવી શકાય છે. આમ, ઉદ્યોગસાહસિક યોગ્ય તાલીમથી ઘડી શકાય છે.

ખ્યાલ-૨: ઉદ્યોગ કોઈ પણ શરૂ કરી શકે.

**હકીકત:** જે વ્યક્તિ 'વિચાર' અને 'તક' વચ્ચેનો તફાવત પારખી શકે અને ખુલ્લી આંખે સપનાં જુએ. તે વ્યક્તિની ઉદ્યોગસાહસિક તરીકે સફળ થવાની સંભાવના વધી જાય છે. થોડે અંશે નસીબનો સાથ પણ જરૂરી છે. ઔદ્યોગિક એકમ શરૂ કરવું આસાન છે, પરંતુ ટકાવી રાખવું અને આગળ વધવું અઘરું છે. કદાચ ૧૦ કે ૨૦ કિસ્સાઓમાંથી ૨ થી ૪ ઔદ્યોગિક એકમ પાંચ વર્ષ સુધી ટકી શકે છે કે સારાં પરિણામો આપે છે.

ખ્યાલ-૩: ઉદ્યોગસાહસિકો જુગારી છે.

**હકીકત:** સફળ ઉદ્યોગપતિઓ સંભાળપૂર્વક અને ગણતરીપૂર્વકનાં જોખમ ઉઠાવે છે. તેઓ પરિસ્થિતિનો તાગ લે છે. અન્યોને પણ જોખમની વહેંચણીમાં ભાગીદાર બનાવે છે અને અનિવાર્ય સંજોગોમાં બને તેટલું ઓછું જોખમ લે છે. તેઓ જાણીજોઈને વધારાનું જોખમ ઉઠાવતા નથી કે બિનજરૂરી જોખમ લેતા નથી કે જરૂરી જોખમ ઉઠાવતાં ખચકાતા પણ નથી.

ખ્યાલ-૪: ઉદ્યોગસાહસિકો બધો અંકુશ પોતાની પાસે જ રાખે છે.

**હકીકત:** તમામ જવાબદારીઓ અને અંકુશ જો ઉદ્યોગસાહસિક પોતાની પાસે જ રાખે તો વિકાસ અટકી જાય છે. વ્યક્તિગત રીતે તમામ જવાબદારીઓને પહોંચી વળવું અઘરું હોય છે. સારો ઉદ્યોગસાહસિક પોતાની સાથે કાર્યક્ષમ સહ-કાર્યકરોનું એક જૂથ તૈયાર કરે છે. આમ, સામૂહિક રીતે, સામૂહિક પ્રયત્નો દ્વારા, અનુભવ અને જવાબદારીઓની યોગ્ય વહેંચણી દ્વારા વિકાસ સાધવો સહેલો બને છે.

ખ્યાલ-૫: ઉદ્યોગસાહસિકો પોતાના માલિક છે અને સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે.

**હકીકત:** ઉદ્યોગસાહસિકોએ બીજા માટે કામ કરવું પડતું હોય છે અને બીજાઓને જવાબ દેવા પડતા હોય છે. જેમાં ભાગીદારો, રોકાણકારો, ગ્રાહકો, માલસામાન પૂરો પાડનારાઓ, લેણદારો, કર્મચારીઓ કુટુંબના સભ્યો અને સામાજિક રીતે સંકળાયેલ તમામનો સમાવેશ થાય છે. હવે ક્યારે, કોને અને કેટલા પ્રમાણમાં, કઈ જવાબદારીઓ નિભાવવી, એ તેમણે નક્કી કરવાનું હોય છે, જે ખૂબ અઘરું છે.

ખ્યાલ-૬: મોટી કંપનીઓના વહીવટી-સંચાલકો (મૅનેજર્સ) કરતાં વધુ સમય અને સખત કામ કરવું પડતું હોય છે.

**હકીકત:** એવું જરૂરી નથી કે ઉદ્યોગસાહસિકો તેમના મૅનેજર્સ કરતાં વધુ કામ કરે છે. ઊલટાનું ઘણા સંજોગોમાં મૅનેજર્સની જવાબદારીઓ ઉદ્યોગસાહસિકો કરતાં તેમના કાર્યો પૂરતી વધી જાય છે અને તેમણે તેમના માલિકને જવાબ આપવાનો હોઈ વધુ કામ કરવાની ફરજ પડે છે.

ખ્યાલ-૭: ઉદ્યોગસાહસિક સતત તણાવની સ્થિતિનો અનુભવ કરે છે અને તેની ઊંચી કિંમત ચૂકવે છે.

**હકીકત:** આખા એકમની સફળતાનો આધાર અને તમામ પ્રકારની જવાબદારીઓ ઉદ્યોગસાહસિક ઉપર હોય છે પરંતુ એવું પણ નથી કે અન્ય વ્યવસાય સાથે સંકળાયેલી વ્યક્તિઓને ઓછી જવાબદારીઓનો સામનો કરવો પડે છે. ઉદ્યોગસાહસિકોને જીવનમાં કંઈક હાંસલ કર્યાનો સંતોષ પ્રાપ્ત થાય છે. વળી, તેઓ અન્યોની જેમ નિવૃત્ત થતા નથી.

ખ્યાલ-૮: ઉદ્યોગ / ધંધો શરૂ કરવો એ જોખમી કામ છે અને તે હંમેશા નિષ્ફળતામાં પરિણમે છે.

**હકીકત:** સક્ષમ, બુદ્ધિશાળી અને અનુભવી ઉદ્યોગસાહસિક તેમની ક્ષમતાને આધારે હંમેશા કુશળ માનવશક્તિ, નાણાં અને અન્ય સ્રોતોને નિર્ણાયક પરિવેશમાં મૂકે છે અને સફળતાને વરે છે. એવું બની શકે કે ઉદ્યોગ નિષ્ફળ જઈ શકે, પરંતુ ઉદ્યોગસાહસિક નહિ.

ખ્યાલ-૯: ઉદ્યોગ શરૂ કરવા ખૂબ પૈસા જરૂરી છે.

**હકીકત:** જો વ્યક્તિમાં બુદ્ધિ અને ક્ષમતા હોય તો નાણાં આપોઆપ મળી રહે છે. એવું નથી કે જો ઉદ્યોગસાહસિક પાસે નાણાં હશે તો હંમેશા તે સફળ થશે જ. જેમ ચિત્રકાર માટે પીંછી અને રંગો જરૂરી છે, તેમ ઉદ્યોગસાહસિક પાસે નાણાં. જો યોગ્ય હાથોમાં હોય તો અદ્‌ભુત વસ્તુનું નિર્માણ થાય. ઉદ્યોગ શરૂ કરવા અને તેના વિકાસ માટે જરૂરી કેટલાક ઘટકો, પૈકીનો એક ભાગ ‘નાણાં' છે, પણ એ જ એક જરૂરિયાત છે એવું નથી.

ખ્યાલ-૧૦: ઉદ્યોગસાહસિક હંમેશાં યુવાન અને સ્ફૂર્તિલા હોય છે.

**હકીકત:** આ તરફેણકર્તા પાસાંઓ છે પરંતુ ઉંમર બાધારૂપ બનતી નથી. સામાન્ય રીતે વ્યક્તિ લગભગ ૩૦ વર્ષની ઉંમરે ઉદ્યોગ-ધંધો શરૂ કરતી હોય છે. પરંતુ ૬૦ વર્ષની ઉંમરે પણ પોતાનો ઉદ્યોગ શરૂ કર્યાના દાખલાઓ નોંધાયા છે. પૂરતી માહિતી એકત્રિત કરવી

જરૂરી છે. તકનિક જાણવી, અનુભવ મેળવવો અને જે-તે ક્ષેત્રે યોગ્ય વ્યક્તિ/સંસ્થાના સંપર્કમાં રહેવુ.

ખ્યાલ-૧૧: ઉદ્યોગસાહસિકોનું લક્ષ્યાંક ફક્ત કમાવાનું જ છે.

**હકીકત:** પોતાના ઔદ્યોગિક એકમના સર્વાંગી વિકાસ અને લાંબા ગાળે મળનારા ફાયદાઓને બાહોશ ઉદ્યોગસાહસિક ધ્યાનમાં રાખે છે અને ટૂંકા રસ્તે, ઝડપથી નાણાં પ્રાપ્ત કરવા પાછળ દોટ મૂકતો નથી. ઉદ્યોગસાહસિક વ્યક્તિગત રીતે સફળતાને વર્યા બાદ કંઈક હાંસલ કર્યાની લાગણી અનુભવતો હોય છે. તેને માટે નાણાં અગત્યનાં છે, પરંતુ સર્વસ્વ નથી.

ખ્યાલ-૧૨: ઉદ્યોગસાહસિક અન્ય પર નિયંત્રણ રાખે છે અને સત્તા ભોગવે છે.

**હકીકત:** સફળ ઉદ્યોગસાહસિક - પોતાની જવાબદારીઓ, સિદ્ધિઓ અને પરિણામ વિશે વધારે સભાન રહે છે. નતિ કે પોતાની સત્તા વિશે. તે પોતાના અહમને સંતોષવા ખાતર કે પોતાના કર્મચારીઓ ઉપર રોફ જમાવવા કરતાં કામને વધુ અગત્ય આપે છે. પોતાના ઔદ્યોગિક એકમના વિકાસમાં અંગત જરૂરિયાતો તથા સ્વાર્થ બાધારૂપ બને, તેવું તે ઈચ્છતો નથી.

ખ્યાલ-૧૩: ઉદ્યોગસાહસિક હોંશિયાર હોય તો માત્ર એક કે બે વર્ષમાં જ તેને સફળતા મળે છે.

**હકીકત:** કોઈ પણ ઔદ્યોગિક એકમ શરૂઆતની મુશ્કેલીઓ પાર કરે, પૂરેપૂરી ક્ષમતા ઉપર કાર્ય કરતું થાય અને તેનું ઉત્પાદન બજારમાં જાણીતું થાય, તેમાં થોડો સમય લાગતો હોય છે. તેને સક્રિય રીતે કાર્યશીલ થવા તથા બજારમાં નામ સ્થાપિત કરવા માટે સામાન્ય રીતે સાતથી આઠ વર્ષ થતાં હોય છે.

ખ્યાલ-૧૪: કોઈ પણ ઉદ્યોગસાહસિક ઔદ્યોગિક એકમ સ્થાપવાની કોઈ સારી તકને આધારે નાણાકીય સહાય પ્રાપ્ત કરી શકે છે.

**હકીકત:** નાણાકીય સહાય મેળવવા માટે ફક્ત સારી તક હોવી જરૂરી નથી, પરંતુ ઉદ્યોગસાહસિકની વ્યક્તિગત ક્ષમતા, સારો પ્રોજેક્ટ રિપોર્ટ તથા અન્ય ઔપચારિકતાઓની પણ જરૂર પડે છે.

ખ્યાલ-૧૫: ઉદ્યોગસાહસિક પાસે ખૂબ નાણાં હોય તો તે સફળતાથી ઉદ્યોગ સ્થાપી શકે છે.

**હકીકત:** જો તેની પાસે ખૂબ નાણાં પહેલેથી જ હશે તો શક્ય છે કે તેને તેની પૂરેપૂરી કિંમત નહિ સમજાય અને બની શકે કે તે વગર સમજણે ખોટા ખર્ચા કરે, પરંતુ કમાવા જો તેણે પરસેવો પાડયો હશે તો આવા ખર્ચા કરતાં તે અચકાશે.

યોગ્ય તક શોધી, તેને ઝડપી લેવી એ ગુણ ફક્ત ઉદ્યોગસાહસિક વ્યક્તિમાં હોય છે. ઉદ્યોગ સ્થાપવાની પ્રક્રિયા કરતાં ઉદ્યોગસાહસિકતા ઘણી વિશેષ છે. ઉદ્યોગસાહસિકતામાં તકને ઓળખવી, તેને ઝડપી લેવી, ગણતરીપૂર્વકનું જોખમ ઉઠાવવું અને વિચાર/યોજનાનું હકીકતમાં રૂપાંતર કરવું તથા વ્યવસ્થિત સંચાલન કરવાનો સમાવેશ થાય છે.

## ૩. ઉદ્યોગસાહસિક બનવા માટે જરૂરી કાર્યક્ષમતાઓ

સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે કેટલીક ક્ષમતાઓ હોવી જરૂરી છે. જે તાલીમ, સલાહસૂચન અને અનુભવથી વિકસાવી શકાય છે. આ પ્રકરણમાં આપણે આવી ક્ષમતાઓ વિશેની માહિતી મેળવીએ.

સૌથી પહેલાં ‘ગુણો' અને 'ક્ષમતાઓ' વચ્ચેનો તફાવત સમજી લઈએ, કારણ કે, ઘણા ગુણો અને ક્ષમતાઓમાં સામ્ય રહેલું છે. સંશોધન દ્વારા એવું સાબિત થયેલું છે કે, વ્યક્તિના ગુણો ક્ષમતાનો એક ભાગ છે. ક્ષમતા એ જ્ઞાન, કલા-કુશળતા અને વર્તણૂકનું સંયોજન છે. જયારે વ્યક્તિમાં ગુણ જન્મથી પણ હોય છે અને વિકસાવી પણ શકાય છે. પરંતુ આ ગુણને જ્યારે વ્યવહારમાં મૂકવામાં આવે છે, ત્યારે તે વ્યકિતની કાર્યક્ષમતા કહેવાય છે.

નાના પાયાનાં ઔદ્યોગિક એકમોની સફળતાનો આધાર નીચેની બાબતો ઉપર રહેલો છે:

- યોજનાની વ્યવહારુતા : તકનિકી, નાણાકીય, વાણિજ્યિક તથા સંચાલનની દ્રષ્ટિએ.
- યોજનાનું વ્યવસ્થિત અમલીકરણ : જગ્યા, તકનિક, મશીનરી, કાચો માલ, માનવશક્તિ વગેરેની - પસંદગીમાં યોગ્ય નિર્ણયો
- યોજનાની સફળતા સતત જાળવી રાખવા લીધેલી ચોક્સાઈ
- યોજનાનું સંચાલન

અહીં યોજના એટલે વેપાર કે ધંધાની તક. નાનાં ઔદ્યોગિક એકમોમાં આ બધી જવાબદારી ઉદ્યોગસાહસિકને શીરે છે. આ જવાબદારીઓ અદા કરવા માટે ઉદ્યોગસાહસિકમાં જ્ઞાન, કુશળતાં અને કેટલીક ક્ષમતાઓ હોવી જરૂરી છે.

પ્રત્યેક વર્ષે હજારો વ્યક્તિઓ પોતાનો ઉદ્યોગ-ધંધો શરૂ કરે છે, પરંતુ તેમાંથી કેટલાક જ સફળ થાય છે, કેટલાક આંશિક સફળતા મેળવે છે અને કેટલાક નિષ્ફળ જાય છે. એકસરખી જ શૈક્ષણિક લાયકાત, કાર્યાનુભવ અને સ્રોત ઉપલબ્ધ હોવા છતાં એક ઉદ્યોગસાહસિક સફળ થાય અને બીજો નિષ્ફળ જાય, એવું કેવી રીતે બને ?

અમદાવાદ સ્થિત રાષ્ટ્રીય સ્તરની ભારતીય ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થા, જે ઈડીઆઈઆઈ (EDII) ના નામે જાણીતી છે, તેણે આ સંદર્ભમાં એક સંશોધન હાથ ધર્યું હતું અને તેનાં કારણો શોધવા પ્રયાસ કર્યો હતો. આ સંશોધન જાણીતા મનોવૈજ્ઞાનિક પ્રોફેસર ડેવિડ મેકલીલે-ડના સહયોગથી હાથ ધરવામાં આવ્યું હતું. આ સંશોધનમાં ત્રણ દેશોને આવરી લેવામાં આવ્યા હતા. ભારત, માલાવી અને ઈક્વેડોર આ સંશોધનનું તારણ એ આવ્યું કે તમારે કોઈ પણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરવો હોય તો તમારામાં કેટલીક ઉદ્યોગસાહસિકતાલક્ષી ક્ષમતાઓ હોવી જરૂરી છે. ઉદ્યોગ સ્થાપવા માંગતી પ્રત્યેક વ્યક્તિને ના હકીકત પણ લાગુ પડે છે.

**આ ક્ષમતાઓ કઈ કઈ છે ?**

પહેલાં આપણે 'ક્ષમતા' એટલે શું, તે સમજીએ. ક્ષમતા એટલે વ્યક્તિમાં રહેલાં એવાં લક્ષણ કે જે તેને તેના ક્ષેત્રમાં અસરકારક અને સારો દેખાવ કરવામાં મદદરૂપ થાય. વ્યક્તિમાં પોતાનામાં રહેલી આ ક્ષમતાની જાણ તેને હોય કે ન પણ હોય, આ ક્ષમતા વ્યક્તિનું જ્ઞાન અને કુશળતાનો સમન્વય છે, જે વ્યક્તિને જે તે કામગીરી સફળતાપૂર્વક પૂરી કરવામાં મદદ કરે છે.

**'જ્ઞાન' એટલે શું?**

જ્ઞાન એટલે માહિતી અને હકીકતોનું એકત્રીકરણ. જે જ્ઞાન વ્યક્તિના મગજમાં રહે તે પૂરતું નથી. આપણે 'તરવા' નું ઉદાહરણ લઈએ. વ્યક્તિને 'તરવા'નું જ્ઞાન હોઈ શકે, પણ તરવા માટે જ્ઞાન ઉપરાંત કુશળતાની પણ જરૂર પડે છે.

**'કુશળતા' એટલે શું ?**

કુશળતા એ કોઈ પણ કામ પૂરું કરવા માટે જરૂરી એવી 'આવડત' અને લક્ષ્યાંક હાંસલ કરવા માટે જરૂરી એવી વર્તણૂકનો સમન્વય છે. દા.ત., 'સુદૃઢ આયોજન' એ કુશળતા છે. ખાસ હેતુપૂર્વકના કાર્યની પ્રવૃત્તિઓને ક્રમબદ્ધ ગોઠવવાની પ્રક્રિયાને આયોજન કહે છે. આ આયોજન પ્રમાણે કાર્યને સફળતાપૂર્વક પૂરું કરવા વ્યક્તિમાં જરૂરી આવડત અને વર્તણૂક જરૂરી છે.

**ક્ષમતાઓ :**

ક્ષમતાઓ બે પ્રકારની હોય છે :

- નક્કર (Hard) ક્ષમતાઓ
- નરમ (Soft) ક્ષમતાઓ

નક્કર ક્ષમતાઓ શિક્ષણ અને કાર્યાનુભવથી આવે છે. દા.ત., એન્જિનિયરિંગ ક્ષેત્રે મેળવેલી શૈક્ષણિક લાયકાત અને કોઈ ઔદ્યોગિક એકમમાં એન્જિનિયરિંગ ક્ષેત્રે મેળવેલું તકનિકી જ્ઞાન.

હળવી ક્ષમતા - તે આંતરિક હોય છે અને બહારના શિક્ષણથી મેળવી શકાતી નથી.
દા.ત. એન્જિનિયરિંગની ડિગ્રી અને એકસરખો અનુભવ મેળવેલ બે વ્યક્તિઓ ઔદ્યોગિક એકમ સ્થાપે, એવું પણ બની શકે કે એક સફળ જાય અને બીજો નિષ્ફળ. આનું કારણ શું? એક અભ્યાસ બાદ જાણવા મળ્યું કે, સફળ થયેલો ઉદ્યોગસાહસિક ફક્ત શીખવવામાં આવેલું ઉત્પાદન જ બનાવતો નહિતો, તેણે તેમાં સુધારા કર્યા. તકનિકી પ્રક્રિયા બદલી અને તેનું વેચાણ વધારવા વિવિધ પ્રયત્નો કર્યા. તેની આવી કુશળતાને પરિણામે તે સફળ થયો. જ્યારે નિષ્ફળ ગયેલો ઉદ્યોગસાહસિક જે શીખ્યો હતો તે મુજબ ઉત્પાદન કરી, તેના વેચાણ માટે હાથ ઉપર હાથ ધરીને બેસી રહ્યો. કોઈ જાતના વધારાના પ્રયત્નો તેણે ન કર્યા.

અહીં તમને એક ઔદ્યોગિક એકમ સ્થાપીને તેના સંચાલન અર્થે કેવા પ્રકારની કુશળતા હોવી જોઈએ તથા તેની અગત્ય શી છે, તે સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ ક્ષમતાઓ જન્મજાત હોતી નથી, પણ વ્યક્તિ પ્રયાસો દ્વારા જીવનમાં થતા અનુભવોનું નિયમિત પૃથક્કરણ કરી, વિકસાવી શકે છે.

**ઉદ્યોગસાહસિકતાલક્ષી ક્ષમતાઓ (Competencies)**

**(૧) પહેલવૃત્તિ (Initiative):** કોઈ વ્યક્તિ તેના કાર્યક્ષેત્ર કે જવાબદારીના દાયરાની બહાર જઈને પોતાની આંતરસૂઝથી કોઇ કાર્ય કરે, તેને પહેલવૃત્તિ કહેવાય. આ

કુશળતાને પરિણામે વ્યક્તિ તેને કશું કહેવામાં ન આવે કે જબરદસ્તીથી કરાવવામાં ન આવે છતાં પોતાની મેળે કાર્ય કરતો હોય છે. સફળ ઉદ્યોગસાહસિકમાં આ કુશળતા રહેલી છે.

કોઈ ચીંધે તે પહેલાં અને જરૂર પડે નિર્ધારિત કાર્યક્ષેત્રની બહાર જઈને કાર્ય કરવાની વૃત્તિ તેને પહેલ કરવી કહેવાય. દા.ત., વાહનવ્યવહારથી ભરચક રસ્તામાં પથ્થર પડ્યો હોય અને વાહનચાલકોને અડચણરૂપ બનતા હોય, કોઈ પણ તેને ખસેડવાની તસ્દી ન લે અને આજુબાજુમાં થઈને વાહન ચલાવે અથવા પથ્થર પર થઈને ચલાવે. પરંતુ કોઈ એક વાહનચાલક તેના વાહન પરથી ઊતરી, આ પથ્થરને ખસેડે તો બીજા વાહનચાલકો પણ તેને મદદ કરશે. આવી પોતાની આત્મસૂઝથી કોઈ કાર્યની શરૂઆત કરવી, તેને પહેલ કરવી કહેવાય.

મહેશ મુંબઈના મરીનડ્રાઈવ ઉપર દરિયાકિનારે કુદરતી સૌંદર્ય નિહાળતો હતો. તેની આજુબાજુ કેટલાય લોકો આ મઝા માણતા હતા. અચાનક એક છોકરો, જે કિનારાની પાળી પર વધુ પડતો ઝૂક્યો હતો, તે દરિયામાં પડી ગયો અને ડૂબવા લાગ્યો. બધાં બૂમાબૂમ કરવા લાગ્યાં, પરંતુ કોઈએ બચાવવાનો પ્રયત્ન ન કર્યો. મહેશે દરિયામાં ઝંપલાવ્યું અને બાળકને ડૂબતો બચાવ્યો. તેણે આ કાર્ય આંતરસ્ફૂરણાથી કર્યું, તેને કોઈએ કહ્યું ન હતું. આને પહેલવૃત્તિ કહેવાય.

**(૨) તક પારખવી અને ઝડપી લેવી (Seeing and acting on Opportunities) :** એક કહેવત બહુ પ્રચલિત છે. 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોઢું ધોવા ન જવાય'. એવી જ રીતે ઉદ્યોગસાહસિક, આવેલી કે આવનારી તકને ઓળખે છે અને તેને ફાયદામાં પરિવર્તિત કરવા, તકને ઝડપી લઈ, સફળતા માટે યોગ્ય આયોજન કરે છે. તેની પર યોગ્ય પગલાં લે છે.

એક પૌરાણિક કથા છે. શંકર ભગવાનના બે પુત્રો કાર્તિકેય અને ગણેશ. એક વખત પિતાના ખોળામાં બેસવા બે પુત્રો વચ્ચે હોડ જાગી ત્યારે ભગવાન શંકરે સમસ્યાનો

ઉકેલ કાઢ્યો. બ્રહ્માંડની પરિક્રમા જે પહેલું કરી આવે, તે મારા ખોળામાં બેસે. હવે કાર્તિકેયનું વાહન 'મોર'. તે તો ખુશ થતા ઊડ્યા અને મડ્યા જલદીથી બ્રહ્માંડને ચક્કર મારવા. જ્યારે ગણેશજીનું વાહન 'ઉંદર'. તેઓ મૂંઝાયા. પોતાની આત્મસૂઝથી એવું વિચાર્યું છે કે મારું બ્રહ્માંડ મારાં 'માતા-પિતા'. તેમણે તરત તક ઝડપી અને માતા-પિતાની પરિક્રમા કરી, કાર્તિકેય પિતાના ખોળામાં પહેલાં ચડી બેઠા. હવે જો તેમણે હતાશ થઈને વાતને પડતી મૂકી હોત તો તેનો લાભ કાર્તિકેય લઈ જાત. પરંતુ તેમ ન કરતાં મળેલી તકને પોતાની આત્મસૂઝથી ફાયદામાં પરિવર્તિત કરી.

**(૩) ખંત (Perseverance):** નિર્ધારિત લક્ષ્યાંક સિદ્ધ કરવા સતત પ્રયાસ તથા સખત મહેનત કરે, તેને ખંતીલો કહેવાય. આવી વ્યક્તિ અવરોધો પાર કરવા વારંવાર પ્રયત્નો કરે છે અને પોતાનું કાર્ય જુદી રીતે કરે છે. કરોળિયો તેનું આદર્શ ઉદાહરણ છે. તે તેનું જાળું ગૂંથવા અવિરત અને અથાગ પ્રયાસો કરે છે. આ કાર્યમાં તેને સતત અડચણોનો સામનો કરવો પડે છે, પરંતુ તે તેનું નિર્ધારિત લક્ષ્ય પૂરું કરીને જ જંપે છે. ઉદ્યોગસાહસિક કોઈ પણ નિષ્ફળતા કે મુશ્કેલીથી નિરાશ થયા વગર કે ગભરાઈ ગયા વગર તેનો સામનો કરે છે અને સફળતાને વરે છે.

લીલા એક શિક્ષિકા હતી પરંતુ તેની ઈચ્છા પોતાનો ઉદ્યોગ શરૂ કરવાની હતી. તેના પતિએ તેને નૈતિક ટેકો અને હિંમત આપ્યાં, જેને પરિણામે લીલાએ નોકરી છોડી, હાઈબર રિઈન્ફોર્સ્ડ પ્લાસ્ટિક (FRP)નું ઉત્પાદન કરવાનું એકમ સ્થાપ્યું. તેણે આઈઆઈટી, ચેન્નાઈ ખાતે જરૂરી તાલીમ લીધી, તાલીમ બાદ, લીલાએ રાજ્ય નાણાકીય નિગમ પાસેથી લોન લીધી. જમીન ખરીદી અને તેના ઉપર ફૅક્ટરીના બાંધકામ માટે કૉન્ટ્રાક્ટરને કામ આપ્યું. તેને શરૂઆતમાં કેટલાક ખરીદહુકમો પણ મળ્યા પરંતુ લીલાના કમનસીબે, જે ચોકીદારને ફૅક્ટરીની જગ્યા ઉપર રાખ્યો હતો તેનું કોઈ અંગત અદાવતને કારણે ખૂન થઈ કરી. ગયું અને બાંધકામ કોન્ટ્રાક્ટરના માણસો આ બનાવને લીધે કામ અપૂરું છોડીને જતા રહ્યા. ગમે તેમ કરીને લીલાએ બાંધકામ પૂરું કરાવ્યું પણ આ વિલંબ તથા મુશ્કેલીઓને પરિણામે ઉત્પાદન શરૂ ન થઈ શક્યું અને હાથ

પરના ખરીદહુકમો રદ થઈ ગયા. તે લોનનાં નાણાંના હપ્તા કે વ્યાજની ચુકવણી ન કરી શકી. નાણાકીય સંસ્થાએ મિલકત જપ્ત કરવાની ધમકી આપી.

આ બધું થવા છતાં લીલા નિરાશ ન થઈ કે તેનું એકમ બંધ ન કર્યું કે તેણે જમીન અને મકાન વેચીને લોન કે વ્યાજનાં નાણાંની ચુકવણી કરી. તેણે ફરીથી ભાડેથી જગ્યા લઈ નવેસરથી ઉત્પાદન શરૂ કર્યું અને સફળતા મેળવી.

આપણે બીજું ઉદાહરણ કલાનું લઈએ. કલા બે છોકરાંની મા હતી. તેને પોતાને મળતા સમયનો સદ્‌ઉપયોગ કરવો હતો અને પોતાના પગ ઉપર ઊભા રહેવું હતું. તેણીએ તેના પતિની સહમતિથી યોગ્ય તક શોધવાની શરૂ કરી અને 'પેપર નૅપ્ટિન' બનાવવાનું નક્કી કર્યું. તેનાં બે કારણો હતાં. આવા નેપ્કિન્સની હોટલો, રેસ્ટોરન્ટ્સ અને બારમાં મોટી માંગ હતી અને પોતાના ઘરનો એક રૂમ તે વર્કશોપ તરીકે ફાળવી શકે તેમ હતી. તેણીએ જરૂરી લોન માટે બેંકનો સંપર્ક સાધ્યો, પરંતુ મેળવી શકી નહિ. કલાએ તેનો વિકલ્પ શોધ્યો અને મહિલા ઉદ્યોગસાહસિકોના ઉત્કર્ષ અર્થે કાર્યશીલ સંસ્થા, 'અવેક'નો સંપર્ક સાધ્યો અને લોન મેળવી. તેણે ઉત્પાદન શરૂ કરી કેટલીયે મુશ્કેલીઓ બાદ સફળતા મેળવી. એક મુશ્કેલી એવી હતી કે તેના પતિ તથા બાળકોએ છાપકામથી આવતી ગંધને પરિણામે તેનું એકમ બંધ કરવા જણાવ્યું પરંતુ તેણીએ તેમ ન કરતાં એક ગૅરેજ ભાડે રાખી, તેમાં ઉત્પાદન ચાલુ રાખ્યું અને સફળતા મેળવી.

**(૪) માહિતી એકત્રિત કરવી (Information Seeking):** એવું કહેવાય છે ને કે "પૂછીપૂછીને લંકા પણ જવાય'. નિર્ધારિત લક્ષ્ય તરફ પહોંચવા કે સમસ્યાનો સામનો કરવામાં ઉપયોગી થાય, તે માટે શક્ય તેટલી માહિતી એકત્રિત કરવાની ધગશ ઉદ્યોગસાહસિકમાં હોવી જોઈએ. એવું પણ બને કે આ માહિતીમાંથી તેને લાભદાયી એવી અન્ય તક પણ સાંપડે. માહિતીના એકત્રીકરણ માટે શક્ય તેટલા પ્રશ્નો, સંબંધિત વ્યક્તિ કે નિષ્ણાતને પૂછવા જોઈએ અથવા સંશોધન કે પરીક્ષણ હાથ પરવાં જોઈએ કે અંગત સંપર્ક/સંબંધનો ઉપયોગ કરવો જોઈએ. આ માટે ઔદ્યોગિક સલાહકારોને પણ મળી શકાય.

એવું બને કે જ્યારે વ્યક્તિ પોતાનું ઔદ્યોગિક એકમ શરૂ કરે ત્યારે તે બધું જાણતો ન હોય. આ તબક્કે માહિતીનું એકત્રીકરણ તેના જ્ઞાનમાં વધારો કરે છે. વ્યાપારને લગતી પુસ્તિકાઓ/સામયિકોનો નિયમિત અભ્યાસ/વાચન પણ જરૂરી માહિતી પૂરી પાડે છે.

**(૫) ઉચ્ચ ગુણવત્તાનો આગ્રહ (Concern for High Quality Work):** સફળ ઉદ્યોગસાહસિક કોઈ પણ કાર્યમાં ગુણવત્તામાં પ્રવર્તમાન માપદંડ કરતાં હંમેશા વધુ સારું હાંસલ કરવાનો સતત આગ્રહ રાખતો હોય છે. બજારમાં હરીફાઈમાં ટકી રહેવા, વેચાણ વધારવા કે ગ્રાહકોને પૂરતો સંતોષ આપવા ઉત્પાદનમાં ઊંચી ગુણવત્તા જાળવવી અને તેમાં સતત સુધારો કરતા રહેવું જરૂરી છે. કોઈ વખત એવું પણ બને કે ઉત્પાદનની ગુણવત્તાનો આંક નીચે લાવવાથી નાણાકીય રીતે મોટો લાભ મળે પરંતુ આવા લાભ કામચલાઉ હોય છે. ઊંચી ગુણવત્તાની સતત જાળવણી અને આગ્રહ ઉદ્યોગસાહસિકની શાખ વધારે છે.

મુક્ત બજાર અર્થવ્યવસ્થાને પરિણામે બજારમાં ગ્રાહકો વધુ સજાગ થયા છે અને ગુણવત્તાના આગ્રહી બન્યા છે. આ માટે થોડાં વધુ નાણાં ખર્ચવાં પડે, તો તેમ કરવા પણ તેઓ તૈયાર છે, પરંતુ જ્યારે તેઓ સ્વદેશી બનાવટની વસ્તુ ખરીદે તો સારી ગુણવત્તાની મળે તેવો ખ્યાલ રાખે છે. આ સંજોગોમાં ઉત્પાદકો પણ સારી ગુણવત્તાનો માલ પૂરો પાડવા કટિબદ્ધ થયા છે.

**(૬) કાર્ય અને નિષ્ઠા (Commitment to Work Contract):** વ્યક્તિની જવાબદારી હોય તેવું કોઈ પણ કાર્ય, કોઈ પણ ભોગે, સમયસર તથા નિર્ધારિત ગુણવત્તા અનુસાર પૂરું કરવાની જેનામાં તમન્ના હોય તેને 'કાર્ય પ્રત્યેની નિષ્ઠા' કહેવાય. આવી ક્ષમતા ધરાવતી વ્યક્તિ પોતાના કાર્યને જ અગ્રતા આપે છે. આવી નિષ્ઠા ધરાવતો ઉદ્યોગસાહસિક બજારમાં લોકોનો વિશ્વાસ જીતે છે અને એક સારી છાપ ઊભી કરે છે. જેમ કે 'અ' પ્રિન્ટર છે. કોઈ એક શૈક્ષણિક સંસ્થા તરફથી તેને એક તાલીમી કાર્યક્રમની જાહેરાત કરતાં બ્રોશરનો છાપકામ ઓર્ડર મળ્યો છે. હવે બન્યું એવું કે બજારમાં જે

પ્રકારના કાગળની જરૂરિયાત હતી, તે ઉપલબ્ધ ન હતા. તાલીમી કાર્યક્રમની તારીખ નક્કી થઈ ગઈ હોવાથી છાપવામાં મોડું થાય તે સંસ્થાને પાલવે તેમ ન હતું. આ સંજોગોમાં પ્રિન્ટર અન્ય કોઈ રાજ્યમાં કોઈ ખાસ માણસ મોકલી, વધારે પૈસા આપવા પડે તો આપીને પણ કાગળની ખરીદી કરે  અને સમયસર બ્રોશર છાપી, જે-તે સંસ્થાને પહોંચાડે, તો તે તેના કાર્ય પ્રત્યે સભાન અને જવાબદાર છે, તેમ ગણાય. સમયસર કામગીરી પૂર્ણ કરવા ઉદ્યોગસાહસિક તેના કાર્યની સંપૂર્ણ જવાબદારી સ્વીકારે છે. કારીગરોને પણ સમયસર કામગીરી પૂર્ણ કરવા પ્રેરે છે અને ગ્રાહકોને પૂરોપૂરો સંતોષ થયો છે કે નહીં, તેનું પણ ધ્યાન રાખે છે.

એગનીસ કોટ્ટુર આ ક્ષમતાનુ જીવતું—જાગતું ઉદાહરણ છે. આ મહિલા ઉદ્યોગસાહસિક કોચી, કેરાલા ખાતે ચશ્માંના કાચ બનાવવામાં રોકાયેલી છે. તેણે લગભગ ૧૨ જેટલી સ્થાનિક મહિલાઓને રોજી આપી છે અને મોટો ગ્રાહકવર્ગ ઊભો કર્યો છે. કેરાલામાં વારેતહેવારે વીજળીનો કાપ આવતો હોવાથી એગનીસના કામને અસર થતી.

દિવસના ભાગે વીજળીકાપ હોવા છતાં સાંજે કામગીરી ચાલુ રાખી શકાતી નહિ, કારણ કે એગનીસને ત્યાં જુવાન છોકરીઓ કામ કરતી અને તેઓને સાંજે સમયસર ઘેર મોકલવી પડતી પરંતુ તેને મળતા ખરીદહુકમોનું શું ? તેને તો સમયસર પૂરા કરવા જ પડે. આ માટે તેણે પોતે મશીન ઉપર કામ શરૂ કર્યું અને કાચને પોલિશ કર્યું. કેટલીક વખત તો રાતના બે-બે વાગ્યા સુધી તે કાર્ય કરતી, પરંતુ ગ્રાહકોને નિર્ધારિત સમયમાં માલ પૂરો પાડી, બજારમાં એક પ્રતિષ્ઠા ઊભી કરી, જેને કાર્ય પ્રત્યેની - નિષ્ઠા કહેવાય.

અશોક સેહગલને તેનું રંગકામનું એકમ હતું. આ એક સળંગ પ્રક્રિયા છે, જે જુદા-જુદા તબક્કે પરંતુ એકધારી કરવી પડતી હોય છે. અશોક ત્રણ શિફ્ટમાં આ કામગીરી પૂરી કરતો. આ તબક્કાઓમાં ક્યાય પણ વચ્ચે કામ અટકે તો આખો જોબ ન સ્વીકારાય એવું બને. કેટલીક વાર તકનિકી મુશ્કેલીઓ છતાં અશોક તેના ગ્રાહકોને કરેલા વાયદાઓ પૂરા

કરવા આકાશ-પાતાળ કરતો, જેને પરિણામે બજારમાં તેની શાખ વધી અને તેને વધુ ને વધુ ઑર્ડર્સ મળવા લાગ્યા.

આમ, આવી વ્યક્તિ કાર્ય પૂર્ણ કરવામાં આવતા અવરોધો, પ્રશ્નોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારે છે, સહકાર્યકરો અને અન્ય સ્રોતોનું સંકલન કરે છે અને ગ્રાહકને પૂરેપૂરો સંતોષ આપવા પ્રયત્નો કરે છે.

**(૭) કાર્યક્ષમતા અંગે અભિમુખતા (Efficiency Orientation) :** કોઈ પણ કાર્ય વધુ ઝડપથી, ઓછાં સાધનોના ઉપયોગ દ્વારા, ઓછા ખર્ચે પરંતુ અસરકારક રીતે એટલે કે ગુણવત્તા સાથે બાંધછોડ કર્યા સિવાય પૂરું કરવાનું વલણ ધરાવતી વ્યક્તિ કાર્યક્ષમ છે, તેમ કહી શકાય. આ માટે વ્યક્તિ પોતાની કાર્યક્ષમતા સુધારવા સતત પ્રયત્નશીલ રહે છે અને ઉપલબ્ધ માહિતીનો મહત્તમ ઉપયોગ કરે છે. કોઈ વિદ્યાર્થી જેમજેમ વાર્ષિક પરીક્ષા નજીક આવતી જાય તેમતેમ તેને મળતા સમયનો મહત્તમ ઉપયોગ કરી, તમામ વિષયોના અભ્યાસક્રમનું પુનરાવર્તન કરે, પરિણામે સારા ગુણ મેળવે તો તે વિદ્યાર્થી કાર્યક્ષમ છે, તેમ કહી શકાય.

કાર્યક્ષમ વ્યક્તિ હંમેશાં વધુ સારી કામગીરી કરવા કટિબદ્ધ હોય છે. આવી વ્યક્તિઓ કોઈ પણ કામગીરી કરતાં પહેલાં ગહનતાથી વિચારશે અને પછી યોગ્ય નિર્ણયો લેશે. તેઓ હંમેશાં લક્ષ્યાંક નક્કી કરશે અને આ લક્ષ્યાંક પૂરા કરવા જરૂરી સમયાવધિ નક્કી કરશે. નિયત લક્ષ્યાંક અસરકારક રીતે પૂર્ણ કરવા. સમય માનવશક્તિ અને નાણાંનો સમન્વય અસરકારક રીતે સાધવો જરૂરી છે.

એકમના પ્રત્યેક તબક્કે 'કાર્યક્ષમતા' હોવી જરૂરી છે કામગીરીમાં સામેલ પ્રત્યેક કારીગરમાં આ ગુણ હોવો જોઈએ, જે સારાં ફળ આપે છે.

**(૮) વ્યવસ્થિત આયોજન (Systematic Planning):** વ્યક્તિ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા તર્કબદ્ધ, તબક્કાવાર આયોજન કરે અને તેને અમલમાં મૂકવા વ્યવસ્થિત પગલાં લે, તેને 'આયોજન' કહેવાય. જેમાં કાર્યને નાના તબક્કાઓમાં વહેંચવું, આવનારી

સમસ્યાઓના હલ વિશે તૈયારી રાખવી, વિકલ્પો ચકાસવા તથા કાર્યસિદ્ધિ માટે વ્યવસ્થિત પગલા લેવાં, વગેરેનો સમાવેશ થાય છે. ઉદ્યોગસાહસિક કઈ વસ્તુનું ઉત્પાદન કરવું, ક્યાં અને કેટલી જમીન સંપાદન કરવી, નાણાકીય સહાય માટેની અરજી ક્યાં અને ક્યારે કરવી, કઈ મશીનરી ખરીદવી, ક્યાંથી ખરીદવી, પગારદાર માણસોની નિમણૂક ક્યારે કરવી, કેટલા માણસો રાખવા, ઉત્પાદન ક્યારે શરૂ કરવું, ક્યાં ક્યાં વેચાણ કરવું, ક્યાં વિઘ્નો આવે, આ મુશ્કેલીઓ આવે તો કયા ઉપાયો કરવા, આ તમામ બાબતો વિશે એક તબક્કાવાર યોજના તૈયાર કરે છે અને તે પ્રમાણે કાર્ય કરે છે. આ પ્રક્રિયા દરમિયાન ઉપસ્થિત થનારા સંભવિત પ્રશ્નોનો પણ ખ્યાલ રાખવામાં આવે છે અને વૈકલ્પિક રસ્તાઓ વિચારી લેવામાં આવે છે. વળી, તે આ યોજનાનું સમયાંતરે પુનરાવલોકન પણ કરે છે. આ માટે જરૂર પડે તેની સાથે સંકળાયેલ તમામ લેણદારો, ગ્રાહકો, ભાગીદારો, કર્મચારીઓ, નિષ્ણાતો દરેક પાસેથી નિયમિત પ્રતિસાદ મેળવે છે.

**(૯) સમસ્યા હલ કરવાની વૃત્તિ (Problem Solving Attitude) :** લક્ષ્યાંક સિદ્ધ કરવા માર્ગમાં આવતી મુશ્કેલીઓ શોધી કાઢવી, તેને સફળતાપૂર્વક હલ કરવી, આવેલી મુશ્કેલીઓથી ડગી ન જવું, તેનાથી નાસીપાસ ન થવું પરંતુ તેનો સામનો કરવા પ્રયત્નો કરવા જોઈએ. આ માટે જરૂર પડે વૈકલ્પિક યોજના પણ થડવી જોઈએ અથવા મૂળભૂત યોજનામાં જરૂરી

## ૪. મહિલા ઉદ્યોગસાહસિકો માટે સરકારી યોજનાઓ

**પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY):** પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) એ ભારત સરકારની એક મુખ્ય યોજના છે. આ યોજના બિન-ખેતી ક્ષેત્રમાં કાર્યરત, ઉત્પાદન, વેપાર અથવા સેવા ક્ષેત્રોમાં રોકાયેલા આવક ઉત્પન્ન કરનારા સૂક્ષ્મ સાહસોને ૨૦ લાખ રૂપિયા સુધીના સૂક્ષ્મ ધિરાણ/લોનની સુવિધા આપે છે, જેમાં મરઘાં, ડેરી, મધમાખી ઉછેર વગેરે જેવી કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ યોજના સભ્ય ધિરાણ સંસ્થાઓ દ્વારા સૂક્ષ્મ અને નાના એકમોની બિન-કોર્પોરેટ, બિન-ખેતી ક્ષેત્રની આવક ઉત્પન્ન કરતી પ્રવૃત્તિઓને નાણાકીય સહાય પૂરી પાડે છે.

**સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ સ્કીમ (SISFS):** સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ સ્કીમ (SISFS) નો ઉદ્દેશ્ય સ્ટાર્ટઅપ્સને ખ્યાલના પુરાવા, પ્રોટોટાઈપ વિકાસ, ઉત્પાદન પરીક્ષણો, બજારમાં પ્રવેશ અને વ્યાપારીકરણ માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. આનાથી આ સ્ટાર્ટઅપ્સ એવા સ્તરે સ્નાતક થઈ શકશે જ્યાં તેઓ એન્જલ રોકાણકારો અથવા સાહસ મૂડીવાદીઓ પાસેથી રોકાણ એકત્ર કરી શકશે અથવા વ્યાપારી બેંકો અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવી શકશે.

**મહિલા ઉદ્યોગ નિધિ યોજના:** મહિલા ઉદ્યોગ નિધિ (MUN) યોજના એ ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI) હેઠળ ઓફર કરવામાં આવતી એક યોજના છે જે મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન અને સશક્તિકરણ આપે છે અને રાહત દરે નાણાકીય સહાય પૂરી પાડીને મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે. મહિલા ઉદ્યોગસાહસિકતા યોજના દ્વારા પૂરા પાડવામાં આવતા ભંડોળનો ઉપયોગ MSME દ્વારા સેવા, ઉત્પાદન અને ઉત્પાદન સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કરી શકાય છે.

**આત્મનિર્ભર ગુજરાત યોજના ફોર MSMEs:** "આત્મનિર્ભર ગુજરાત યોજના ફોર MSMEs" એ ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને ટેકો આપવા અને સશક્ત બનાવવા માટે રચાયેલ એક છત્ર પહેલ છે. ૫ ઓક્ટોબર, ૨૦૨૨ થી ૪ ઓક્ટોબર, ૨૦૨૭ સુધી અમલમાં રહેલી આ યોજના ગુજરાતના MSME ક્ષેત્રમાં વિકાસને પ્રોત્સાહન આપવા, રોકાણો આકર્ષવા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે MSME વિકાસને પ્રોત્સાહન આપવા અને વ્યાપક "આત્મનિર્ભર ગુજરાત" અને "આત્મનિર્ભર ભારત" દ્રષ્ટિકોણ સાથે સુસંગત બનાવવા માટે વિવિધ પ્રોત્સાહનો અને સહાયક પદ્ધતિઓ પ્રદાન કરે છે.

**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના:** MSME ના SC/ST ઉદ્યોગસાહસિકો માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજનાનો ઉદ્દેશ્ય SC/ST વ્યક્તિઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા અને વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે નાણાકીય સહાય, તાલીમ અને વિવિધ પ્રોત્સાહનો પૂરા પાડવાનો છે. મૂડી સબસિડી, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો અને બજાર ઍક્સેસ સપોર્ટ ઓફર કરીને, આ યોજના SC/ST ઉદ્યોગસાહસિકો માટે એક સહાયક ઈકોસિસ્ટમ બનાવવાનો પ્રયાસ કરે છે.

**મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના:** મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના એ ગુજરાત સરકારની એક પહેલ છે જેનો ઉદ્દેશ્ય મહિલાઓના કૌશલ્યમાં વધારો કરવા, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને નાણાકીય સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાનો છે. આ યોજના વિવિધ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતી મહિલાઓને તાલીમ કાર્યક્રમો, નાણાકીય સહાય અને માર્ગદર્શન દ્વારા એકંદર સામાજિક-આર્થિક વિકાસ અને લિંગ સમાનતાને પ્રોત્સાહન આપે છે.

**મહિલા સમૃદ્ધિ યોજના:** મહિલા સમૃદ્ધિ યોજના એ વિચરતી અને વિમુક્ત જાતિઓની મહિલાઓ માટે સ્વરોજગારી ઉભી કરવા માટે લક્ષ્યાંક જૂથની મહિલા તથા સ્વતંત્ર વ્યવસાય કરતી મહિલા ઉદ્યોગ સાહસિકોને લઘુ ધિરાણ યોજના. આ યોજના હેઠળ મહિલા લાભાર્થી પોતાની પસંદગીનો ધંધો/વ્યવસાય કરી શકશે.

**મહિલા સ્વાવલંબન યોજના:** મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા શરૂ કરાયેલ આ યોજના મહિલાઓને આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા અથવા વિસ્તૃત કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે ગ્રામીણ અને શહેરી વિસ્તારોની મહિલાઓને લક્ષ્ય બનાવે છે, ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતી મહિલાઓને. આ યોજના મહિલાઓના આર્થિક વિકાસને ટેકો આપવા માટે સબસિડી અને લોન આપે છે.

**પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ યોજના:**

ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રાલય (MoFPI) એ આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો સાથે ભાગીદારીમાં 'પ્રધાનમંત્રી માઈક્રો ખાદ્ય પ્રોસેસિંગ ઉદ્યોગોને ઔપચારિક બનાવવાનો યોજના' નામથી એક પેન-ઈન્ડિયા યોજના શરૂ કરી છે. આ યોજના અસંગઠિત ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રમાં કાર્યરત વ્યવસાયોની સ્પર્ધાત્મકતા વધારવા, તેમને ઔપચારિક ઘાટમાં લાવવા અને ખેડૂત ઉત્પાદન સંગઠનો (FPOs), સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ (SHGs) અને ઉત્પાદક સહકારિતાઓને સમગ્ર વેલ્યુ ચેઈનમાં આધાર આપવા માટે લક્ષ્ય ધરાવે છે. જૂન 2020 માં ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલય (MoFPI) દ્વારા શરૂ કરાયેલ PMFME યોજના, ભારતમાં અસંગઠિત સૂક્ષ્મ ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રને ઔપચારિક બનાવવા અને ટેકો આપવાના હેતુથી કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજના છે.

## સફળ મહિલા ઉદ્યોગસાહસિક



**ફાલ્ગુની નાયર (Nykaa)**: Nykaa ના સ્થાપક, ફાલ્ગુની નાયર, ભારતીય મહિલાઓ દ્વારા સૌંદર્ય અને સુખાકારી ઉત્પાદનોની ઓનલાઈન ખરીદી કરવાની રીતને ખરેખર બદલી નાખી છે. એક એવી વસ્તુ જેની શરૂઆત નમ્ર હતી, તે એક વિશાળ ઓનલાઈન પ્લેટફોર્મ બની ગયું છે જ્યાં પુરુષો અને સ્ત્રીઓ તેમની સુંદરતાની જરૂરિયાતો માટે બધું શોધી શકે છે. Nykaa હવે ભૌતિક સ્ટોર્સની સાંકળમાં વિસ્તરી છે, જે ઉત્પાદનોની વિશાળ શ્રેણી ઓફર કરે છે.



**ઈન્દુબેન ઝવેરી (ઈન્દુબેન ખાખરાવાલા)**: ઈન્દુબેન ખાખરાવાલાની વાર્તા એક ગૃહિણી વિશે છે જેમણે રસોઈ પ્રત્યેના પોતાના જુસ્સાને સફળ વ્યવસાયમાં પરિવર્તિત કર્યો. ૧૯૬૫ માં શરૂ કરીને, તેમણે પોતાના ઘરના રસોડાને ખાખરા બનાવવાના કેન્દ્રમાં ફેરવી દીધું, આખરે જાણીતી બ્રાન્ડ "ઈન્દુબેન ખાખરાવાલા" ની સ્થાપના કરી. ગુણવત્તા પ્રત્યેના તેમના સમર્પણ અને ખાખરા સ્વાદ પ્રત્યેના તેમના નવીન અભિગમ, જે કેટલીક પરંપરાગત જાતોથી ૧૦૦ થી વધુ જાતો સુધી વિકસ્યા, તેમણે ખાદ્ય ઉદ્યોગમાં તેમના વારસાને મજબૂત બનાવ્યો છે.



**પાબીબેન રબારી (Pabiben.com)**: પાબીબેનનો જન્મ કચ્છના નાના શહેર કુકડસરમાં થયો હતો. તેમની માતા યુવાન વિધવા હોવાથી, તેમને તેમની બહેનોના ઉછેરમાં મદદની જરૂર હોવાથી તેઓ શાળાએ જઈ શક્યા નહીં. પાબીબેને તેમના સમુદાયની પ્રખ્યાત ભરતકામ શીખી લીધી હતી. પાબીબેન ૧૯૯૮ માં મહિલા જૂથમાં જોડાયા અને ટૂંક સમયમાં જ એક માસ્ટર કારીગર તરીકે જાણીતા બન્યા. તેઓએ 'હરિ જરી' નામની એક કલા સ્વરૂપની શોધ કરી, જે રિબન અને ટ્રીમ જેવા તૈયાર તત્વોના હાથ અને મશીન એપ્લિકેશનનું મિશ્રણ છે.પાબીબેને ઉત્સાહથી આ કલામાં નિપુણતા મેળવી, અને શોપિંગ બેગનો નમૂનો બનાવ્યો. તે તાત્કાલિક હિટ બની, અને તેને "પાબી બેગ!" નામ આપવામાં આવ્યું.તેમણે પ્રથમ મહિલા કારીગર સાહસોમાંથી એક Pabiben.com શરૂ કરવાની હિંમત કરી

## મહિલા ઉદ્યોગસાહસિકતા પ્લેટફોર્મ - ગુજરાત પ્રકરણ વિષે:

મહિલા ઉદ્યોગસાહસિકતા પ્લેટફોર્મ (WEP) - ગુજરાત પ્રકરણ એ સરકાર દ્વારા સમર્થિત પહેલ છે જે મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે મહિલા ઉદ્યોગસાહસિકોને વિવિધ સંસાધનો અને સહાયક પ્રણાલીઓ સાથે જોડવા માટે એક એકીકૃત પ્લેટફોર્મ પૂરું પાડે છે, જેમાં કૌશલ્ય વિકાસ, ઇન્ક્યુબેશન, તાલીમ, માર્ગદર્શન, માર્કેટિંગ સહાય અને ભંડોળનો સમાવેશ થાય છે. WEP નો ઉદ્દેશ્ય મહિલાઓ માટે તેમના વ્યવસાયો શરૂ કરવા, વિકાસ કરવા અને સ્કેલ કરવા માટે એક સક્ષમ ઇકોસિસ્ટમ બનાવવાનો છે, જે આખરે મહિલા આર્થિક સશક્તિકરણમાં ફાળો આપે છે.

- WEP - ગુજરાત પ્રકરણનો અભિગમ ત્રણ સ્તંભો પર આધારિત છે:

**ઇચ્છા શક્તિ (પ્રેરણા):**
મહિલાઓને તેમના ઉદ્યોગસાહસિક સપનાઓને સાકાર કરવા માટે પ્રેરણા આપવી.

**જ્ઞાન શક્તિ (જ્ઞાન):**
માહિતી, સંસાધનો અને તાલીમની ઍક્સેસ પૂરી પાડવી.

**કર્મ શક્તિ (કાર્યવાહી):**
વ્યવસાયો સ્થાપવા અને તેને વધારવા માટે વ્યવહારુ સહાય પૂરી પાડવી.

## મહિલા ઉદ્યોગસાહસિકતા પ્લેટફોર્મ - ગુજરાત પ્રકરણ હેઠળ ના કાર્યક્રમો

૧. ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કાર્યક્રમ [EAP – 1 Day]
૨. સૂક્ષ્મ ઉદ્યમ વિકાસ કાર્યક્રમ [MEDP – 2 weeks) ]
૩. રોજગાર ક્ષમતા અને સોફ્ટ સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ [ESDP – 3 Days]
૪. એન્ટરપ્રાઇઝ સ્કેલિંગ-અપ પ્રોગ્રામ્સ [ESPs – 5 days]
૫. પ્રદર્શન -સહ- ખરીદનાર વિક્રેતાનો મેળાવડો

## ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા (EDII) પરિચય:

EDII એક સ્વાયત્ત સંસ્થા છે અને પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ અને સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળ નહીં નફો નહીં નુકશાનના ધોરણે નોંધાયેલી છે. સૌભાગ્યવશ EDII જેવી સંસ્થાની સ્થાપના ગુજરાત રાજ્યમાં થઇ છે અને ઉદ્યોગસાહસિકતાના ખ્યાલનો યુવાવર્ગમાં બહોળો પ્રચાર અને પ્રસાર થાય તે દિશામાં સંસ્થા વર્ષ ૧૯૮૩થી કાર્યાન્વિત છે. ગુજરાત સરકારના સહયોગથી સ્થાપેલી આ સંસ્થાએ શરૂઆતથી જ રાજ્યમાં યુવાનો / યુવતીઓમાં ઉદ્યોગસાહસિકતાલક્ષી શિક્ષણ અને તાલીમ આપવા સઘન પ્રયાસો કર્યા છે. અત્રે એ નોંધવું કે અસ્થાને નહીં ગણાય કે ગુજરાત સરકારના વિવિધ ખાતાંઓ જેવાં કે; ઉદ્યોગ, શિક્ષણ, સમાજ કલ્યાણ, સમાજ સુરક્ષા, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ખાદ્ય અને પ્રસંસ્કરણ, પ્રવાસન, કુટીર ઉદ્યોગો વગેરેના સક્રિય અને સતત સહયોગને પરિણામે EDII ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં વિવિધ ક્ષેત્રે પોતાનો ફાળો નોંધાવી શકી છે. સંસ્થાને એ વાતનું ગૌરવ છે કે તે ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ, તાલીમ અને સંશોધન દ્વારા રાજ્યના યુવાધનને એક દિશા ચીંધવામાં અગ્રેસર ભુમિકા ભજવી શકી છે. એટલું જ નહીં, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ EDII એ ગુજરાતનું નામ રોશન કર્યું છે.


**ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન, અમદાવાદ**
**ભાટ, ગાંધીનગર (જિ.) ૩૮૨ ૪૨૮, ગુજરાત**
**ફોન : ૦૭૯ - ૬૯૧૦ ૪૯૦૦ / ૬૯૧૦ ૪૯૯૯**
**વેબસાઈટ: www.wepmsme-gujarat.org | www.ediindia.org**
**ઇમેઇલ: wep-gujaratchapter@ediindia.org**


સ્કેન કરો

